Ministry of Housing,
Communities &
Local Government

# કોવિડ-19: કોરોનાવાઈરસ (કોવિડ-19)ના રોગચાળાના ફેલાવા દરમ્યાન ધાર્મિક સ્થાનોના સલામત ઉપયોગ વિશે માર્ગદર્શિકા

## કૃપા કરીને નોંધ કરો

આ માર્ગદર્શિકા સામાન્ય પ્રકારની છે અને તેને માર્ગદર્શન તરીકે લેવામાં આવવી જોઈએ. લાગુ પડતા કોઈ પણ કાયદા (આરોગ્ય અને સલામતીના કાયદા સહિત) અને આ માર્ગદર્શિકા વચ્ચેના સંઘર્ષના સંજોગોમાં, લાગુ પડતો કાયદો માન્ય રહેશે.

આ માર્ગદર્શિકા રાષ્ટ્રિય માર્ગદર્શિકા છે અને તે સમગ્ર ઈંગ્લેન્ડમાં લાગુ પડે છે. આ માર્ગદર્શિકા વાંચતી અને તેનું પાલન કરતી વખતે સ્થાનિક રીતે મૂકવામાં આવેલા પ્રતિબંધોને કૃપા કરીને ધ્યાનમાં લેશો, સ્થાનિક માહિતી માટે અહીં જુઓ.

આ માર્ગદર્શિકા માત્ર ઈંગ્લેન્ડમાં લાગુ પડે છે. સ્કોટલેન્ડ, વેલ્સ અથવા નોર્ધન આયરલેન્ડમાં, માર્ગદર્શિકા માટે, કૃપા કરીને લાગતીવળગતી રાષ્ટ્રિય સરકાર તરફથી આપવામાં આવેલ માર્ગદર્શિકાઓ જુઓ.

## 1. પરિચય

કોરોનાવાઈરસ (કોવિડ-19)ના રોગચાળાના વ્યાપક ફેલાવાના પરિણામે યુ.કે.માં હાલમાં જાહેર આરોગ્યની કટોકટી ફેલાયેલ છે. કોવિડ-19ના પ્રસારણનાં લક્ષણો પબ્લિક હેલ્થ ઈંગ્લેન્ડ (જાહેર આરોગ્ય ઇંગ્લેન્ડ) દ્વારા જણાવવામાં આવેલ છે. કોવિડ-19નું પ્રસારણ મુખ્યત્વે ઉધરસ અને છીંકો ખાવાને લીધે શ્વાસનળીઓમાંથી બહાર ઉડતાં પ્રવાહીનાં ટીપાં મારફતે, અને પ્રદૂષિત સપાટીઓના સંપર્કમાં આવવા મારફતે થતું હોવાનું માનવામાં આવે છે. આ પ્રસારણનું મોટું અને મુખ્ય કારણ પ્રવાહીનાં ટીપાં અને સંપર્ક હોવાની ધારણા છે. ધાર્મિક સ્થાનો માટેની આ માર્ગદર્શિકા ઉપલબ્ધ વૈજ્ઞાનિક પુરાવાઓના આધારે તૈયાર કરવામાં આવી છે અને આ નવા પ્રકારના વાઈરસ ઉપર જેમ નવી વિગતો પ્રાપ્ત થતી જશે તેમ તેમાં સુધારા કરવામાં આવશે.

ઘણાં લોકો માટે આધ્યાત્મિક દોરવણી પૂરી પાડવામાં અને સમાજો તેમ પેઢીઓને એકઠાં લાવવામાં ધાર્મિક સ્થાનો એક અગત્યની ભૂમિકા ભજવે છે. પરંતુ, તેના સાર્વજનિક પ્રકારને કારણે તે સ્થળો ખાસ કરીને કોવિડ-19ના ફેલાવા માટે ઘણાં જોખમી બને છે.

સરકારે તેના ધાર્મિક સ્થાનો માટેના ટાસ્કફોર્સ મારફતે ધાર્મિક આગેવાનો તેમજ પ્રતિનિધિઓ સાથે મળીને આ માર્ગદર્શિકા તૈયાર કરી છે જેથી 4 જુલાઈ 2020થી ધાર્મિક સ્થાનો સલામતીપૂર્વક વ્યાપક શ્રેણીની પ્રવૃત્તિઓ માટે ફરીથી ખોલી શકાય.

આ માર્ગદર્શિકા ઈંગ્લેન્ડમાં લાગુ પડે છે જે [આરોગ્ય સુરક્ષા (કોરોનાવાઈરસ, મર્યાદાઓ) (ઈંગ્લેન્ડ) રેગ્યુલેશનો 2020.] માં કરાયેલા તેને સંબંધિત લાગતાવળગતા ફેરફારોની સાથે લાગુ પડશે.

આ માર્ગદર્શિકા સમીક્ષા હેઠળ રહે છે અને બદલાતી પરિસ્થિતિ અનુસાર તેમાં સુધારા-વધારા કરવામાં આવી શકે.

30 કરતાં વધારે લોકો ભેગાં થવાની પરવાનગી આપવામાં આવશે, પરંતુ કાયદામાં જણાવ્યા અનુસાર માત્ર અમુક જાહેર સ્થાનોમાં જ. આમાં ધાર્મિક સ્થાનો અને તેની આસપાસનાં સ્થળોનો સમાવેશ થશે. પરંતુ એવી કેટલીક પ્રવૃત્તિઓ છે જે માટે, જાહેર આરોગ્યનાં કારણોસર ધાર્મિક સ્થાનોમાં વધુમાં વધુ 30 લોકો સુધીની મર્યાદા મૂકવાનું સલાહભર્યું છે. આ માર્ગર્શિકામાં તે પ્રવૃત્તિઓ જણાવવામાં આવી છે તેમજ તમારા ધર્મના સ્થાનને કોવિડ-19 સલામત રાખવાની કેવી રીતે ખાતરી કરવી તે જણાવેલ છે.

ધાર્મિક સ્થાન અથવા તેની આસપાસના વિસ્તારોમાં કોઈ પ્રવૃત્તિઓ કરતી વખતે, તમામ પક્ષોએ સામાજિક અંતરની માર્ગદર્શિકાઓનું પાલન કરવું જોઈએ.  પ્રસારણનું જોખમ ઘટાડવા માટે ઘરનાં સભ્યો વચ્ચે 2 મીટર અથવા 1 મીટર અંતર રાખવાનાં પગલાં લેવાં (જ્યાં 2 મીટર અંતર રાખવાનું શક્ય ન હોય) તે સ્વીકાર્ય છે. દાખલા તરીકે, ચહેરા પર આવરણો લગાવવાં (ફેસ કવરીંગ વાપરવાં).

ધાર્મિક સ્થાનથી દૂર અને આસપાસના વિસ્તારોમાં કરવામાં આવતાં ધાર્મિક કાર્યો માટે, નીચે જણાવ્યા મુજબ, કૃપા કરીને તે સ્થળોમાં કેટલી સંખ્યામાં લોકો ભેગાં થવાની પરવાનગી છે તે માટે તેને લગતી માર્ગદર્શિકાનું અનુસરણ કરો.

નીચેના ટેબલમાં જણાવેલું છે કે કોવિડ-19નો ફેલાવો વધવાની સંભાવના હોવાને કારણે ધર્મના સ્થાનમાં લોકોની સંખ્યા પર મર્યાદા મૂકવાનું ક્યાં સલાહભર્યું છે.

**ટેબલ 1**

| **પ્રવૃત્તિ** | **ભેગાં થવાની સલાહરૂપ મર્યાદા** |
|---|---|
| સાર્વજનિક પૂજા, જેમ કે ભજનો, પ્રાર્થના કે આરાધના કોઈ ધાર્મિક આગેવાન કે | ધાર્મિક સ્થળની જોખમની આકારણી કરવામાં આવ્યા બાદ તે સ્થળની ક્ષમતાના આધારે ત્યાં સાર્વજનિક પૂજા માટે કેટલાં લોકો |

| | |
|---|---|
| અન્ય વ્યક્તિની દોરવણી હેઠળ. | આવી શકે તેની મર્યાદા નક્કી કરવી જોઈએ ('ક્ષમતા ઉપરની મર્યાદાઓ' વિશે વિભાગ 5 જુઓ).<br><br>સામાજિક અંતર જાળવવાનું કડકરીતે પાલન કરવામાં આવવું જોઈએ ('સામાજિક અંતર' વિશે વિભાગ 5 જુઓ). |
| લગ્ન વિધિઓ | લગ્ન વિધિઓમાં 30 કરતાં વધારે લોકો હાજર ન હોવાં જોઈએ. હાજર લોકોની સંખ્યા પણ તે સ્થળની ક્ષમતાની અંદર હોવી જોઈએ જેથી સામાજિક અંતર જાળવવાનું કડકપણે પાલન કરી શકાય. કોરોનાવાઈરસ (કોવિડ-19) રોગચાળાના ફેલાવા દરમ્યાન નાના પાયે લગ્નો અને સિવિલ પાર્ટનરશીપો વિશેની માર્ગદર્શિકામાં વધારે વિગતો જુઓ. |
| ફ્યૂનરલો | ફ્યૂનરલોમાં 30 કરતાં વધારે લોકો હાજર ન હોવાં જોઈએ. હાજર લોકોની સંખ્યા પણ તે સ્થળની ક્ષમતાની અંદર હોવી જોઈએ જેથી સામાજિક અંતર જાળવવાનું કડકપણે પાલન કરી શકાય. અમુક કિસ્સાઓમાં આમાં 30 કરતાં ઓછાં લોકો હોઈ શકે. કોવિડ-19: કોરોનાવાઈરસના દેશવ્યાપી રોગચાળાના સમય દરમ્યાન ફ્યૂનરલ (અંતિમ વિધિ)નો વહીવટ કરવા માટેની માર્ગદર્શિકામાં. વધારે વિગતો જુઓ. |
| જીવનચક્રની અન્ય વિધિઓ (ટેબલ 2માં આપેલ વ્યાખ્યા જુઓ). | જીવનચક્રની અન્ય વિધિઓમાં 30 કરતાં વધારે સંખ્યામાં લોકો હાજર ન હોવાં જોઈએ, સિવાય કે જીવનચક્રની વિધિ નિયતક્રમની સાર્વજનિક પૂજાના સમય દરમ્યાન કરવામાં આવે.<br><br>સામાજિક અંતર જાળવવાનું કડકપણે પાલન કરી શકાય તે માટે ('સામાજિક અંતર' વિશે વિભાગ 5 જુઓ), તે સ્થળની ક્ષમતાની મર્યાદાને ધ્યાનમાં લેવામાં આવવી જોઈએ. |

આ માર્ગદર્શન ધર્મનાં સ્થાનોનો જ્યારે ધાર્મિક હેતુસર ઉપયોગ કરવામાં આવે અથવા ધાર્મિક હેતુની તૈયારીઓ માટે ઉપયોગ કરવામાં આવે ત્યારે લાગુ પડે છે.

જ્યાં ધાર્મિક સ્થળનો ઉપયોગ બીજાં જૂથો દ્વારા કરવામાં આવતો હોય, તો માત્ર કાયદા દ્વારા પરવાનગી આપવામાં આવેલી પ્રવૃત્તિઓ જ માત્ર કરવામાં આવવી જોઈએ. જે વ્યવસાયોને ચાલુ કરવાની હજુ પરવાનગી નથી તે અહીં જણાવેલા છે (જેમ કે મકાનની અંદર કસરતના વર્ગો, મકાનમાં રમતની પ્રવૃત્તિઓ, મકાનની અંદર જીવંત પ્રેક્ષકો સમક્ષ કાર્યક્રમો, વગેરે).

ધાર્મિક સ્થળોના વપરાશ માટે પરવાનગી આપવામાં આવેલ પ્રવૃત્તિઓ આ માર્ગદર્શિકામાં ન આપેલ હોય, તો તે માટે તમારે નીચે લિન્ક આપેલ માર્ગદર્શિકા જોવી જોઈએ:

- પ્રવાસન, છૂટક વેપાર અને રેસ્ટોરંટો તેમજ યજમાનવૃત્તિના અન્ય ઉદ્યોગો
- મીટીંગો તેમજ નાની સંખ્યામાં લોકોના મેળાવડાઓને હવેથી બહુ-હેતુ સાર્વજનિક સ્થાનોમાં પરવાનગી આપવામાં આવે છે.

## 2. આ માર્ગદર્શિકાનો હેતુ

આ માર્ગદર્શિકા ઈંગ્લેન્ડમાં ધાર્મિક સ્થાનોને, તેને સંલગ્ન કાયદા અનુસારની વિસ્તૃત પ્રકારની ધાર્મિક પ્રવૃત્તિઓ માટે ખોલવાની તૈયારીઓ કરવામાં સહાયતા કરવા માટે બનાવવામાં આવી છે. ચેપનો ફેલાવો ફાટી નીકળવાનું જોખમ બને તેટલું ઓછું કરવવા માટે તે સ્થળ કોવિડ-19 સુરક્ષિત રાખીને તેમજ સામાજિક અંતર જાળવવાની માર્ગદર્શિકાઓ અનુસાર આ કેવી રીતે કરી શકાય તે આ માર્ગદર્શિકા જણાવે છે.

**ટેબલ 2**

| **આ માર્ગદર્શનના હેતુસર વ્યાખ્યાઓ** | |
|---|---|
| **"ધાર્મિક સ્થાન"** | ધાર્મિક સ્થાન અથવા ધર્મનું સ્થાન એટલે કે એવું મકાન જ્યાં નિયમિતપણે ધાર્મિક વિધાઓ, સાર્વજનિક પૂજા-પ્રાર્થના અથવા તે પ્રકારના મેળાવડા ધાર્મિક સંસ્થાઓ દ્વારા રવામાં આવતા હોય. તેમાં તેની આસપાસના મેદાનોના વપરાશનો પણ સમાવેશ થઈ જાય છે, દાખલા તરીકે, તેને અડીને આવેલ કાર પાર્કિંગો, મેદાનો અથવા બગીચા જેના માટે તે સ્થાનના મેનેજરો જવાબદાર હોય.<br><br>આ માર્ગદર્શિકામાં એવાં સ્થાનોને પણ આવરી લેવાયાં છે જે મુખ્યત્વે ધાર્મિક મેળાવડાઓ માટે ન વપરાતાં હોય, પરંતુ કોઈ |

| | |
|---|---|
| | ધાર્મિક મેળાવડા માટે તે વાપરવામાં આવે, જેમ કે કમ્યુનિટી સેન્ટરો. આ સ્થાનો ત્યારે જ વાપરી શકાશે જ્યારે તેમને ખોલવાની પરવાનગી મળેલી હોય અને તેમના માટે વધારાની માર્ગદર્શિકા લાગુ પડી શકે.<br><br>આ માર્ગદર્શિકામાં જાહેર બગીચાઓ, ખાનગી ઘરો, સાંસ્કૃતિક સ્થાનો અથવા અન્ય ખુલ્લી જગ્યાઓને આવરી લેવાઈ નથી, જેમ કે જંગલભૂમિ જેવાં સ્થાનો જેમનો કદાચ ધાર્મિક હેતુસર ઉપયોગ કરવામાં આવી શકે. જો લોકો આ સ્થાનોમાં પૂજા-પ્રાર્થના કરવા માગતાં હોય, તો તે સ્થાન માટે લાગતીવળગતી માર્ગદર્શિકાનું પાલન કરવામાં આવવું જોઈએ. |
| **"જીવનચક્રના પ્રસંગો"** | નિયતક્રમની સાર્વજનિક ધાર્મિક વિધિઓ અથવા જીવનચક્રની વિધિઓ નહિ પણ તેનાથી વિરૂદ્ધ અલગ રીતે કરવામાં આવતી અંતિમવિધિઓ માટેની ધાર્મિક ક્રિયાઓ. |
| **"ભક્તજનો" અથવા "મુલાકાતીઓ"** | ધાર્મિક સ્થાનોમાં પ્રવેશતાં લોકો, જેઓ પૂજા-પ્રાર્થના કરવા માગતાં હોય અથવા તે ધાર્મિક સ્થાન જેના માટે વપરાતું હોય તેવી બીજી કોઈ પ્રવૃત્તિઓ કરવા માગતાં હોય. |
| **"સ્થળનાં મેનેજરો"** | માર્ગદર્શિકાઓનું પાલન કરવા તેના અમલની આકારણી કરવા સહિતવ્યક્તિગત ધાર્મિક સ્થાનના વહીવટ માટે જવાબદાર વ્યક્તિ કે લોકો. આ કોઈ ધાર્મિક આગેવાન અથવા તેના માટે નિયુક્ત કરાયેલ કોઈ સાધારણ વ્યક્તિ - લે પરસન હોઈ શકે છે. |
| **"કુટુંબનાં લોકો" અને "સપોર્ટ બબલ"** | કુટુંબ અથવા હાઉસહોલ્ડ કે ઘરનાં લોકો એટલે કે એવી વ્યક્તિ કે લોકોનું જૂથ જેઓ એક જ ઘરમાં એકસાથે રહેતાં હોય.<br><br>સપોર્ટ બબલ એટલે કે જ્યાં કોઈ પુખ્ત વયની વ્યક્તિ એકલી રહેતી હોય, અથવા 18 વર્ષથી નાની ઉંમરનાં બાળકો સાથે રહેતાં એકલા માતા કે પિતા, બીજા કોઈ ઘરનાં કુટુંબીજનો સાથે તેમનું પોતાનું અલગ નેટવર્ક બનાવી શકે છે, જ્યાં તેમણે સામાજિક અંતર જાળવવું પડતું નથી.<br><br>સપોર્ટ બબલ બનાવનારાં બે કુટુંબોને આ માર્ગદર્શિકાના હેતુસર એક કુટુંબ તરીકે ગણવામાં આવે છે. |
| **"કરવું જ જોઈએ"** | માર્ગદર્શિકામાં જ્યાં જણાવેલું હોય કે કોઈ પ્રવૃત્તિ **કરવામાં આવવી જ જોઈએ** તેનું કારણ એ છે કે આ હેલ્થ પ્રોટેક્શન (કોરોનાવાઈરસ, |

| | |
|---|---|
| | રીસ્ટ્રીક્શન્સ) (ઈંગ્લેન્ડ) રેગ્યુલેશન્સ 2020, હેઠળની જરૂરિયાત છે અને એટલા માટે તે કાયદામાં તે જરૂરિયાત બને છે. |
| **"કરવું જોઈએ"** | માર્ગદર્શિકામાં જ્યાં જણાવેલું હોય કે કોઈ પ્રવૃત્તિ **કરવામાં આવવી જોઈએ** હેલ્થ પ્રોટેક્શન (કોરોનાવાઈરસ, રીસ્ટ્રીક્શન્સ) (ઈંગ્લેન્ડ) રેગ્યુલેશન્સ 2020, હેઠળ કાયદાકીય જરૂરિયાત નથી, પરંતુ એવી સખત સલાહ છે કે કોવિડ-19નું પ્રસારણ એકબીજામાં થવાનું જોખમ ઘટાડવા માટે આપવામાં આવતી સલાહનું પાલન કરવાનું ધ્યાનમાં લેવામાં આવે. |

## 3. ધાર્મિક સ્થાનો સલામતરીતે ખોલવા માટેના મુખ્ય સિદ્ધાંતો

દરેક વ્યક્તિગત ધાર્મિક સ્થાનને તે સ્થળનું કદ અને ત્યાં કેવા પ્રકારની પ્રવૃત્તિઓ કરવામાં આવે છે, તે કેવી રીતે ગોઠવવામાં, ચલાવવામાં, સંચાલિત અને નિયંત્રિત કરવામાં આવે છે તે સહિતના તેમના પોતાના અલગ સંજોગો અનુસાર આ માર્ગદર્શિકાનું પાલન કરવાની સખત સલાહ છે.

ધાર્મિક સ્થાનોનાં મેનેજરો પોતાની મરજીથી એ નક્કી કરી શકશે કે તેમનું સ્થળ ખોલવાનું સલામત ક્યારથી છે અને જો તેઓ નીચે જણાવેલી માર્ગદર્શિકાનું સલામત રીતે પાલન ન કરી શકતાં હોય, તો તેઓ સ્થળ બંધ રાખવાનું નક્કી કરી શકે છે.

ઘણાં ધાર્મિક સ્થાનો કામનાં સ્થળો પણ હોય છે અને એટલા માટે તેમણે વર્તમાન આરોગ્ય અને સુરક્ષાના કાયદા હેઠળની તેમની એમ્પ્લોયર તરીકેની જવાબદારીઓ પ્રતિ સચેત રહેવું જોઈએ. શક્ય તેટલું વ્યવહારુ હોય ત્યાં સુધી તેમનાં વોલન્ટીયરો (સ્વયંસેવકો)ના આરોગ્ય અને સુરક્ષા પર કોઈ જોખમો ન મૂકાય તેની ખાતરી કરવા માટે પણ ધાર્મિક સ્થાનોની સંભાળની ફરજ બને છે.

સરકારની માર્ગદર્શિકાઓ અનુસાર અને જ્યાં લાગુ પડતું હોય ત્યાં ઈક્વોલિટી એક્ટ 2010(સમાનતાને લગતો કાયદો)ને ધ્યાનમાં રાખીને, તમામ ઉપયોગકર્તાઓ ધાર્મિક સ્થાનની અંદર તેમની ધાર્મિક ક્રિયાવિધિઓ કરવા માટે તેમને તે સ્થાનમાં ન્યાયી અને સમાનતાથી કેવી રીતે આવવા દેવાય તેનો વિચાર કરવો જોઈએ.

શું પગલાં લેવાં તે નક્કી કરવામાં મદદ માટે, દરેક ધાર્મિક સ્થાને કોવિડ-19 રિસ્ક અસેસમેન્ટ (જોખમોની આકારણી) કરવામાં આવે એવી અમારી સલાહ છે. આ કોઈ હાલના લાગુ પડતા રિસ્ક અસેસમેન્ટ ઉપરાંત કરી શકાય અથવા અલગ રીતે અસેસમેન્ટ કરી શકાય.

જ્યારે કોઈ મકાન કે સ્થળનો ઉપયોગ બદલીને ધર્મના સ્થાન તરીકે કરવામાં આવતો હોય, દા.ત. તમે એવા કોઈ મકાન કે સ્થળનો ઉપયોગ કરી રહ્યાં હો જે આ પહેલાં તમે આ હેતુસર ન વાપર્યું હોય, તો નવું ફાયર રિસ્ક અસેસમેન્ટ (આગ લાગવાના જોખમની આકારણી) કરવામાં આવવી જ જોઈએ.

આ લિન્ક સાધારણ રિસ્ક અસેસમેન્ટ પૂરૂં કરવા માટેનું માર્ગદર્શન પૂરૂં પાડે છે. *જો લાગુ પડતું હોય તો,* આકારણીઓ યુનિયનો અથવા કામદારો (વોલન્ટીયરો તેમજ કોન્ટ્રાક્ટરો સહિત) સાથેની સલાહમસલતો સાથે કરવામાં આવવી જોઈએ. ધાર્મિક સ્થાન ફરીથી ખોલવા તેમજચલાવવાની ગોઠવણોમાં સુધારા કરવા માટે, ધાર્મિક સમુદાયો અને સ્થાનિક સમાજોમાં સમજણ ફેલાવવામાં સહાયતા કરવા ભક્તજનો અથવા અન્ય હિતધારકો (જેમ કે તે સ્થાનનાં આસપડોશનાં ભાડૂતો અથવા મકાન માલિકો) સાથે રિસ્ક અસેસમેન્ટની ચર્ચા કરવાનું પણ કદાચ ફાયદારૂપ રહે. કોવિડ-19ને ધ્યાનમાં લે તે પ્રકારનું રિસ્ક અસેસમેન્ટ કરવામાં ન આવે તો તેને હેલ્થ એન્ડ સેફ્ટી કાયદાનો ભંગ થયો ગણાઈ શકે, તે જ રીતે જે રિસ્ક અસેસમેન્ટમાં પૂરતા પ્રમાણમાં પગલાં લેવાનો સમાવેશ કરવામાં ન આવ્યો હોય તે પણ કાયદાનો ભંગ ગણાઈ શકે. જ્યાં શક્ય હોય ત્યાં તેમનાં રિસ્ક અસેસમેન્ટો ઓનલાઈન ઉપલબ્ધ કરાવવા માટે ધાર્મિક સ્થાનોને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

ભક્તજનોમાં તેમજ મકાનની અંદર અને આસપાસનાં મેદાનોમાં કામ કરતાં લોકો કે વોલન્ટીયરોમાં કોવિડ-19નો ફેલાવો બને તેટલો ઓછો કરવાનાં પગલાં લેવા માટે સ્થળનાં મેનેજરોને સખત સલાહ આપવામાં આવે છે. સાર્વજનિક રીતે કેવું વર્તન કરવું તેનું એક અનૌપચારિક એગ્રીમેન્ટ સાથે મળીને તૈયાર કરવામાં તમે ભક્તજનોને સાંકળવાનું પણ કદાચ ઈચ્છો.

સ્થળનાં મેનેજરોએ જાહેર જનતાની સલામતીની સુરક્ષા કરવા માટેનાં તમામ શક્ય પગલાં લેવાં જોઈએ, સ્થાનિક રીતે લોકો ભેગાં થવાની સંખ્યા પર મર્યાદા મૂકવામાં આવેલી હોય તેનું પાલન કરવામાં આવે છે તેની ખાતરી કરવી જોઈએ, અને જ્યાં આ માર્ગદર્શિકા મુજબ સલાહજનક મર્યાદા 30 લોકો સુધીની નક્કી કરવામાં આવેલી હોય તેનું પણ પાલન કરવામાં આવવું જોઈએ.

વ્યક્તિગત સ્થળોએ નાનકડા વિસ્તારમાં ઘણાં બધાં સ્થાનો ફરીથી ખૂલવાથી થનારી અસરોનો વિચાર કરવો જોઈએ. એટલે કે આ જોખમની આકારણી કરવા અને રોગચાળો પ્રસરવાનું જોખમ ઓછું કરવા માટે લેવાનાં વધારાનાં પગલાં લાગુ પાડવા લોકલ ઓથોરિટીઓ, આસપડોશના ધંધાનાં સ્થાનો તેમજ ટ્રાવેલ ઓપરેટરોની સાથે મળીને કામ કરવું જોઈએ. આમાં સમાવેશ થઈ શકે:

- ક્ષમતા હજુ વધારે ઓછી કરવી - સ્થળની અંદર અમુક સંખ્યામાં લોકોને સલામતીથી બેસાડી શકાય તેમ હોય તો પણ, સ્થળ સુધી આવવા અને જવાની મુસાફરી કરવાનું,

અથવા સ્થળની અંદર પ્રવેશવાનું કે બહાર નીકળવાનું તેમના માટે કદાચ સલામત ન હોય તેવું બને.

- અન્ય સ્થાનિક સ્થળો સાથે નક્કી કરીને પ્રવેશવા માટેના જુદા જુદા સમયો નક્કી કરવા અને આસપાસના વિસ્તારોમાં લાંબી લાઈનો લાગવાનું અટકાવવાનાં પગલાં લેવાં.
- ટ્રાન્સપોર્ટનાં સ્થાનો અને સ્થળની વચ્ચે એકમાર્ગી (વન-વે) મુસાફરીના રસ્તા ગોઠવવા.
- મુલાકાતીઓને અમુક ચોક્કસ પ્રકારનાં પરિવહનો અથવા માર્ગો નહિ વાપરવા માટે અને સ્થળ પર આવતાં હોય તે દરમ્યાન અમુક ભીડવાળા વિસ્તારો નહિ વાપરવા માટે સલાહ આપવી.

## 4. ચેપનો ફેલાવો થતો ઓછો કરવા માટેના વ્યવહારો અપનાવવા

ધાર્મિક આગેવાનોએ નીચે આપેલી માર્ગદર્શિકા અપનાવવી જોઈએ અને તેમની ધાર્મિક વિધિઓમાં સામાન્ય રીતે નજીકથી લોકોનો સંપર્ક થતો હોય અને જુદાં જુદાં લોકો વચ્ચે વસ્તુઓની આપ-લે થતી હોય ત્યાં વધારાના ફેરફારોનો સમાવેશ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

ધાર્મિક સ્થળો અને ધાર્મિક સમુદાયોએ ધાર્મિક સેવાઓમાં ફેરફારો કરવા જોઈએ, ખાસ કરીને જે વિધિઓ કે ક્રિયાઓ સામાન્ય રીતે ઘણાં કલાકો કે દિવસો સુધી કરવામાં આવતી હોય તેમાં, જેથી હાજર રહેતાં લોકોની સલામતીની ખાતરી કરી શકાય અને ચેપનો ફેલાવો બને તેટલો ઓછો કરી શકાય.એવી સલાહ આપવામાં આવે છે કે વિધિઓ અને સેવાઓ વાજબીપણે બને તેટલા ઓછા સમયની અંદર પૂરી કરી દેવામાં આવવી જોઈએ.

વિધિ પૂરી થઈ જાય એટલે તેમાં ભાગ લેનારાં લોકોને ઝડપથી આગળ વધીને જતાં રહેવા માટે પ્રોત્સાહિત કરવાં જોઈએ, જેથી સંપર્ક થવાનું અને ચેપનો ફેલાવો થવાનું જોખમ બને તેટલું ઓછું રહે. જો યોગ્ય હોય, તો તમારે ભક્તજનો ત્યાં ઊભા રહેવાને બદલે બેસી શકે તેવી વ્યવસ્થા કરવા માટે જગ્યાની ફેરગોઠવણ કરવી જોઈએ, જેથી સંપર્કનું જોખમ ઘટે છે. ભક્તજનોએ તેમની સાથે ન આવ્યાં હોય તેવાં બીજાં લોકો સાથે બહુ સંપર્ક વાતચીત કરવી ન જોઈએ, દા.ત. જો તેઓ બીજા કોઈ કુટુંબનાં સભ્યોની સાથે કોઈ સાર્વજનિક સેવામાં હાજરી આપી રહ્યાં હોય, તો જ્યાં શક્ય હોય ત્યાં તેમણે આ જૂથની બહારનાં કોઈ લોકો સાથે વાતચીતમાં ન સંકળાવું જોઈએ.

એવી ભલામણ કરવામાં આવે છે કે, જ્યાં શક્ય હોય ત્યાં ધાર્મિક સ્થળોએ પૂજા કે પ્રાર્થના અથવા અન્ય કાર્યક્રમોનું પ્રસારણ ચાલુ રાખવું જોઈએ જેથી મોટી સંખ્યામાં લોકો ત્યાં ભેગાં ન થાય અને સેલ્ફ-આઈસોલેટ કરી રહેલાં અથવા કોવિડ-19નું જેમના પર ખાસ જોખમ હોય તે લોકો તેમાં ભાગ લઈ શકે.

વધારે સ્પષ્ટ માર્ગદર્શન નીચે મુજબનું છે.

**સહિયારી વસ્તુઓનો વપરાશ**

- જે વસ્તુઓ સહિયારી રીતે વાપરવામાં આવતી હોય તેન લોકોએ અડવાનું કે ચુંબન કરવાનું ટાળવું જોઈએ. આવું ન થાય તે માટે જ્યાં જરૂર લાગે ત્યાં અંતરાયો અને/અથવા સ્પષ્ટ સૂચનાઓ મૂકવામાં આવવી જોઈએ.
- લોકોએ બીજાં લોકોની વસ્તુઓને પણ ન અડવું જોઈએ, જેમ કે જૂતાં, જે જો કાઢવામાં આવે, તો તેના માલિકે જ ઉપાડીને સરખાં મૂકવાં અને લેવાં જોઈએ અને તે સમયે સામાજિક અંતરના સિદ્ધાંતોનું પાલન ચાલુ રાખવું જોઈએ.
- ફરીથી વાપરી શકાય તેવી અને સાર્વજનિક વસ્તુઓ જેમ કે પ્રાર્થનાની ચટાઈઓ કે પાથરણાં, સેવાનાં કાગળો કે પત્રિકાઓ, ધાર્મિક ગ્રંથો અથવા ભક્તિની ચીજવસ્તુઓ વપરાશમાંથી કાઢી લેવી જોઈએ. એક જ વાર વાપરી શકાય તેવી વૈકલ્પિક વસ્તુઓ પૂરી પાડવામાં આવવી જોઈએ, જો ભક્તજન તે એક વાર વાપરીને ત્યાંથી લઈને તેનો નિકાલ કરી દેતાં હોય તો.
- પૂજા-પ્રાર્થનામાં સહાયતા કરતી વ્યક્તિગત માલિકીની વસ્તુઓ, જેમ કે પ્રાર્થનાની ચટાઈ કે પાથરણાં અથવા ધાર્મિક ગ્રંથો સ્થળ પર લઈ આવી શકાય છે પરંતુ તે ભક્તજને ત્યાંથી તે પાછાં લઈ જવાં જોઈએ.
- જ્યાં ભક્તજનો તેમનાં પોતાનાં પુસ્તકો ન લાવી શકે ત્યાં ધાર્મિક સ્થળોએ દરેકના વ્યક્તિગત વપરાશ માટે અમુક સંખ્યામાં સ્વચ્છ પુસ્તકો રાખવાં જોઈએ. સ્વચ્છ પુસ્તકો છેલ્લે વાપરવામાં આવ્યાં હોય તે પછી 48 કલાક સુધી વપરાશમાંથી કાઢીને અલગ મૂકી દેવાં જોઈએ અને બીજી વાર તે વપરાયા પછી ફરીથી 48 કલાક સુધી વપરાશમાંથી કાઢીને અલગ મૂકી દેવાં જોઈએ. જે વસ્તુઓ સહેલાઈથી સાફ ન કરી શકાય તે વસ્તુઓને પણ વાપર્યા પછી 48 કલાક સુધી વપરાશમાંથી કાઢી લઈને અલગ મૂકી દેવી જોઈએ.

કૃપા કરીને નીચે આપેલી સફાઈ માટેની ખાસ સલાહ પણ જુઓ.

**ખોરાક અને પીણાં**

- જ્યાં પૂજા વિધિમાં ખોરાક અને પીણાં ('ખાદ્યપદાર્થો') રાખવી આવશ્યક હોય, ત્યાં તે વાપરી શકાય છે, પરંતુ ખોરાકની એકબીજામાં વહેંચણી ન કરવી જોઈએ, અને સાર્વજનિક વાસણો પણ ન વાપરવાં જોઈએ.

- જો ધાર્મિક ક્રિયાવિધિના ભાગરૂપે ખાદ્યપદાર્થોની લોકો વચ્ચે આપ-લે કરવાનું જરૂરી હોય, તો જે લોકો ખોરાક લેતાં હોય કે આપતાં હોય તેમણે ખોરાકી ચીજો લીધા અને આપ્યા પછી પોતાના હાથ પૂરેપૂરા ધોઈ લેવા જોઈએ અથવા ગ્લવ્ઝ પહેરવા જોઈએ.
- ખાદ્યપદાર્થો વહેંચતી વ્યક્તિએ તે લોકોના હાથમાં જ એવી રીતે આપવો જોઈએ જેથી તેમના અને ખોરાક લેતી વ્યક્તિ વચ્ચે કોઈ પ્રકારનો સંપર્ક ન થાય, અથવા તેમણે ગ્લવ્ઝ પહેરવાં જોઈએ.  જો આકસ્મિક રીતે સંપર્ક થઈ જાય, તો તે બંને વ્યક્તિઓએ પોતાના હાથ તરત જ ધોઈ લેવા જોઈએ.
- ચેપનું પ્રસારણ થવાનું જોખમ ઘટાડવાનાં અન્ય પગલાં લેવાનું પણ વિચારવું જોઈએ, દાખલા તરીકે, ખાદ્યપદાર્થોને પહેલેથી જ પડીકાંઓમાં વીંટાળીને તૈયાર રાખવી અને વ્યક્તિગત લોકો ખોરાકી ચીજો સાથે અને તેમની પોતાની ડિશો અને/અથવા ચમચા-ચમચીઓ વગેરે સિવાય બીજા કોઈ લોકોની વસ્તુઓના સંપર્કમાં ન આવે (દાખલા તરીકે સહિયારા વાટકાનો વપરાશ ન થાય) તેવી કોઈ પદ્ધતિ ગોઠવવી.
- ઢાંક્યા ન હોય તેવા ખાદ્યપદાર્થો ઉપર લોકોએ બોલવા, ગીતો ગાવા કે ભજનો ગાવા ન જોઈએ (સિવાય કે તે ખોરાકી વસ્તુઓ તે જ વ્યક્તિના પોતાના વપરાશ માટે હોય). તેના બદલે ખાદ્યપદાર્થો સુરક્ષિત રીતે ઢાંકી દેવાં જોઈએ, અને પ્રસાદનું વાસણ ખોલતાં પહેલાં તે સાફ કરીને તે વ્યક્તિએ તેમના હાથ ધોઈ લેવા જોઈએ, અથવા ગ્લવ્ઝ પહેરવા જોઈએ.
- ધાર્મિક સ્થળોની અંદર આવેલ યજમાની સ્થાનો, જેમ કે કૅફે વગેરે ખોલવાની પરવાનગી છે, પરંતુ ત્યાં માત્ર ટેબલ-સેવા જ રાખવામાં આવવી જોઈએ, સામાજિક અંતર જાળવવામાં આવવું જોઈએ, અને અહીં આપવામાં આવેલ હૉસ્પિટાલિટીની માર્ગદર્શિકા અનુસાર કર્મચારીઓ તેમજ ગ્રાહકો વચ્ચે બને તેટલો ઓછો સંપર્ક થવો જોઈએ.

## ગાવું, ધૂન બોલાવવી અને સંગીતનાં સાધનોનો ઉપયોગ

- લોકોએ એટલા મોટા અવાજથી ગાવાનું, બૂમો પાડવાનું મોટા અવાજો કરવાનું અને/અથવા સંગીત વગાડવાનું ટાળવું જોઈએ જેનાથી સામાન્ય રીતે વાતચીત કરવાનું મુશ્કેલ બને અથવા જેના કારણે બૂમો પાડીને બોલવું પડે. આનું કારણ એ છે કે આના લીધે એરોસોલ અને માનવીય શરીરનાં પ્રવાહીનાં ટીપાં બહાર એકબીજામાં પ્રસરવાના જોખમની સંભાવના વધી જાય છે.
- એટલા માટે, પૂજા કે પ્રાર્થના દરમ્યાન એકબીજાંને પ્રતિસાદ આપવા માટેપણ મોટેથી ન બોલવું જોઈએ.

- પૂજા કે પ્રાર્થના કરતી વખતે ભજનો ગાવાં, ધૂન બોલાવવી, બૂમો પાડવી અને/અથવા રીહર્સલો કરતી વખતે ફૂંક મારીને વગાડવાં પડે તેવાં વાજિંત્રો વગાડવા જેવી પ્રવૃત્તિઓ ખાસ કરીને ટાળવી જોઈએ. આનું કારણ એ છે કે જ્યાં લોકો જૂથમાં ભેગાં થઈને ગાતાં કે ધૂનો બોલાવતાં હોય ત્યાં વાતાવરણમાં રોગ પ્રસારણનું વધારાનું જોખમ રહેલું છે, અનેઆ જ્યાં સામાજિક અંતરજાળવવામાં આવતું હોય અથવા જ્યાં મોઢાં પર આવરણો પહેરેલાં હોય ત્યાં પણ લાગુ પડે છે.
- જ્યાં પૂજા કે પ્રાર્થના વિધિમાં આવશ્યક હોય, ત્યાં માત્ર કોઈ એક જ વ્યક્તિને ગાવા કે ધૂન બોલાવવાની પરવાનગી હોવી જોઈએ, અને બીજાં ભક્તજનોનું તેમનાથી રક્ષણ કરવા માટે તેમની સામે કાચનો સ્ક્રીન લગાવવાનું વિચારવું જોઈએ, જેથી રોગ વધારે પ્રસરતો રોકી શકાય અને તે કાચ સહેલાઈથી સાફ કરી શકાય.
- જ્યાં પૂજા-પ્રાર્થનામાં સંગીતની મહત્વની ભૂમિકા હોય, અને જો રેકોર્ડિંગ કરેલાં ઉપલબ્ધ હોય, ત્યાં જીવંત ગાયનોને બદલે તેનો ઉપયોગ કરવાનું અમારું સૂચન છે.
- તમને એવાં જ સંગીતનાં વાજિંત્રો વગાડવાની સલાહ છે જેમાં ફૂંક મારીને ન વાગડવાં પડે. સંગીતનાં મોટાં વાજિંત્રો - ઓર્ગનો ધાર્મિક ક્રિયાવિધાઓ માટે તેમજ તેમની સામાન્ય જાળવણીની ક્રિયાઓ માટે વગાડી શકાય છે, પરંતુ તે વાપર્યા પહેલાં અને પછી સંપૂર્ણપણે સાફ કરી દેવાં જોઈએ.

આના લીધે રોગ પ્રસરવાનાં જોખમો ઉપર તેમજ આવી પ્રવૃત્તિઓ કેવી રીતે સલામતીપૂર્વક સંચાલિત કરી શકાય તેનાં સંશોધનો કરવા માટે સરકાર અને વૈજ્ઞાનિકોની ટુકડી તાત્કાલિક કામે લાગેલી છે અને તેને લગતી માર્ગદર્શિકા જ્યાંરે ઉપલબ્ધ થશે એટલે જાહેર કરવામાં આવશે.

**લગ્નો અને જીવન ચક્રનાં અન્ય પ્રસંગો**

એવી સખત સલાહ છે કેઆ સમયે માત્ર તે પ્રસંગની આવશ્યક ક્રિયાવિધિઓ જ કરવામાં આવે.

- તે પ્રસંગના ભાગરૂપે કોઈ ખોરાક કે પીણાં લેવામાં આવવાં જોઈએ નહિ, સિવાય કે તે ક્રિયાવિધિના હેતુસર લેવાં જરૂરી હોય.
- ટેબલ 1માં જણાવ્યા મુજબ, લગ્નમાં 30 કરતાં વધારે લોકો હાજર ન હોવાં જોઈએ. અન્ય જીવન ચક્રનાં પ્રસંગોમાં 30 કરતાં વધારે લોકો હાજરી ન હોવાં જોઈએ, સિવાય કે તે પ્રસંગ કોઈ નિયતક્રમની સાર્વજનિક ધાર્મિકવિધિની સેવાનો ભાગ હોય. ભક્તજનોએ સામાજિક અંતર જાળવવું જોઈએ.

- જીવન ચક્રના પ્રસંગો બાદ મોટી સંખ્યામાં લગ્ન રીસેપ્શનો કે પાર્ટીઓ રાખવામાં ન આવવી જોઈએ. વધારે માહિતી માટે રેસ્ટોરંટો અને અન્ય હોસ્પિટાલિટી ઉદ્યોગો વિશેની માર્ગદર્શિકા જુઓ.

**પાણીનો વપરાશ**

- ધાર્મિક સ્થળ ઉપર કોઈ પ્રકારની નહાવા-ધોવા/પાણીથી પોતાની જાતને સાફ કરવાની વિધિઓ કરવામાં ન આવવી જોઈએ અને તે સ્થળ પર આવતાં પહેલાં કરી લેવી જોઈએ.
- અપવાદરૂપ સંજોગોમાં, જ્યાં તે જરૂરી હોય, ત્યાં ધાર્મિક સ્થળની અંદર નહાવા-ધોવાની સગવડોનો ઉપયોગ સામાજિક અંતર જાળવવા વિશેની માર્ગદર્શિકા અનુસાર થવો જોઈએ અને સ્વચ્છતાનાં પગલાં લાગુ પાડેલાં હોવાં જોઈએ.
- લોકોએ બીજાં લોકોના શરીરના ભાગો ધોવાં જોઈએ નહિ.
- જે ધાર્મિક વિધિઓ કે ક્રિયાઓમાં શરીર પર પાણી લગાડવું પડે તેમ હોય, તો માત્ર નજીવા પ્રમાણમાં તે શરીર પર છાંટવું જોઈએ, પરંતુ સંપૂર્ણપણે શરીર પાણીમાં પલાળવાનું ટાળવું જોઈએ.
- ત્યાં હાજર બીજાં લોકોએ તેમના પર પાણીના છાંટાં ન પડે તે માટે ત્યાંથી દૂર ખસી જવું જોઈએ.
- જ્યાં નાના બાળકને લગતી ક્રિયા હોય ત્યાં તે બાળકના માતા કે પિતા/વાલીએ અથવા તેના જ ઘરના બીજા કોઈ સભ્યએ તે બાળકને પકડવું જોઈએ.
- આમાં સંકળાયેલાં તમામ લોકોએ યોગ્ય સ્વચ્છતાની ખાતરી કરવા માટે ક્રિયા પહેલાં અને પછી પોતાના હાથ સંપૂર્ણપણે ધોઈ લેવા જોઈએ.

**રોકડ રકમનાં દાન**

- જ્યાં શક્ય હોય ત્યાં ધાર્મિક આગેવાનોએ રોકડ રકમનાં દાન લેવાનો ઈનકાર કરવો જોઈએ અને ઓનલાઈન અથવા કોન્ટેક્ટલેસ પદ્ધતિ મારફતે દાન કે સંસાધનોનો વપરાશ ચાલુ રાખવો જોઈએ.
- જ્યાં આવું ન થઈ શકે તેમ હોય, ત્યાં રોકડ રકમ એક એવા વાસણમાં લેવી જોઈએ જે એક જ સ્થળે રાખેલું હોય અને તેને માત્ર એક જ વ્યક્તિનો હાથ અડતો હોય, તે વાસણ એકથીબીજા વ્યક્તિના હાથમાં પસાર ન કરવું જોઈએ. નિયમિત રીતે સફાઈ અને સ્વચ્છતાની જાળવણી કરવી જોઈએ અને જ્યાં રોકડ રકમ આપવાનું ચાલુ હોય ત્યાં તેનો વહીવટ કરવા માટે ગ્લવ્ઝ પહેરવાં જોઈએ.

**ધાર્મિક સ્થળોમાં આવતાં નાનાં બાળકો અને યુવાન લોકો**

- નાનાં બાળકોની તેમનાં માતા કે પિતા અથવા વાલીએ દેખરેખ રાખવી જોઈએ. તેમણે સાબુ અને વહેતા પાણીથી તેમના હાથ 20 સેકંડ સુધી સંપૂર્ણપણે ધોવા જોઈએ અને પૂરેપૂરા સૂકા કરી દેવા જોઈએ, અથવા હેન્ડ સેનિટાઈઝર વાપરવું જોઈએ અને તે હાથના દરેક ભાગ ઉપર લાગે છે તેની ચોક્સાઈ રાખવી જોઈએ. કોવિડ-19ના રોગચાળાના ફેલાવા દરમ્યાન વાઈરસનો ફેલાવો અટકાવવામાં મદદ થાય તે માટે લેવાં જોઈએ તેવાં અગત્યનાં પગલાં બાળકો અને યુવાન લોકોને તેમજ તેમનાં માતાપિતાઓ અને વાલીઓને યાદ કરાવવામાં ધાર્મિક સ્થળો મદદ કરી શકે છે. હાથની સામાન્ય સ્વચ્છતા વિશેનાં પોસ્ટરો eBug website પરથી મેળવી શકાય છે.
- સ્કૂલની બહારનાં સ્થાનો માટેની ખાસ માર્ગદર્શિકા પ્રકાશિત કરવામાં આવી છે અને સ્કૂલના કલાકો સિવાયના સમયે (જેમ કે સાંજે, વિક-એન્ડમાં, કે સ્કૂલની રજાઓ દરમ્યાન) ટ્યુશન, તાલીમ, સૂચનાઓ અથવા પ્રવૃત્તિઓ પૂરી પાડતી વખતે તે અનુસરવામાં આવવી જોઈએ.
- ઐપચારિક બાળક સંભાળ તેમજ શૈક્ષણિક સ્થાનો માટે તેને લાગતીવળગતી માર્ગદર્શિકા જુઓ.
- બાળકો માટે વાપરવામાં આવતી કોઈ પણ સહિયારી સુવિધાઓ, જેમ કે પ્લે કોર્નરો, પોચાં ફર્નિચરનાં સાધનો, પોચાં રમકડાં અને સાફ કરવા મુશ્કેલ હોય તેવાં રમકડાં હટાવી લેવાં જોઈએ અને/અથવા વપરાશમાંથી કાઢી લેવાં જોઈએ.
- સ્થળનાં મેનેજરોએ કરેલા રિસ્સ અસેસમેન્ટમાં બહારનાં રમતનાં મેદાનો વાપરવાનું સલામત જણાયું હોય ત્યાં તે ખોલવાની પરવાનગી છે, તે માટેનું માર્ગદર્શન અહીં જુઓ. બાળકો તેમજ બાળકોની ઊંચાઈ જેટલાં લોકો દ્વારા અવારનવાર અડવામાં આવતી સપાટીઓ સાફ કરવા ઉપર ખાસ ધ્યાન આપવું જોઈએ.

## 5. ચેપનો ફેલાવો થતો ઓછો કરવાનાં સામાન્ય પગલાં

આપણાં સમાજોમાં ચેપનો ફેલાવો ઓછો કરવા માટે લોકોએ સલામત અને જવાબદારીપૂર્વક વર્તન કરવું જોઈએ.

**ટેસ્ટ એન્ડ ટ્રેસ**

વાઈરસ ફરી પાછો માથું ઉંચકે તેના જોખમ સામે પહોંચી વળવા માટે સરકારે NHS ટેસ્ટ એન્ડ ટ્રેસ સેવા શરૂ કરી છે. આ સેવાઃ

- જે કોઈને પણ કોવિડ-19નાં ચિહ્નો હોય તેમને તે વાઈરસ છે કે નહિ તે શોધવા માટે તેમનો ટેસ્ટ કરવો;
- જે કોઈના ટેસ્ટનું પોઝીટીવ પરિણામ આવ્યું હોય તેમનો સંપર્ક કરીને તેમનો નજીકથી સંપર્ક થયો હોય તેવાં બીજાં કોઈ લોકો વિશેની માહિતી આપવામાં મદદ કરવી; અને
- તે સંપર્કમાં આવેલાં લોકોને ચેતવવાં, જ્યાં જરૂરી હોય ત્યાં તેમને સૂચના આપવી કે વાઈરસનો ફેલાવો અટકાવવામાં મદદ માટે તેમણે પોતે સેલ્ફ-આઈસોલેટ કરવાની જરૂર છે.

જે લોકોને કોવિડ-19નો ચેપ લાગ્યો હોવાનું ચોક્કસ થયેલ હોય કે સંભાવના હોય તેમના સંપર્કનાં જે લોકો તે વ્યક્તિ સાથે ન રહેતાં હોય તેમના માટે અને કામનાં સ્થળો માટે વધારે માહિતી ઓનલાઈન મળી શકે છે.

રીટેઈલ અને હોસ્પિટાલિટીનાં સ્થળો સહિત બીજાં સ્થળો માટેની સરકારી માર્ગદર્શિકા અનુસાર, તમારે 21 દિવસ સુધી મુલાકાતીઓના કામચલાઉ સચોટ રેકોર્ડ રાખીને આ સેવામાં સહાયતા કરવી જોઈએ, તે એવી રીતે રાખવી જોઈએ જેનો તમારા ધાર્મિક સ્થળથી વહીવટ થઈ શકે, અને NHS ટેસ્ટ એન્ડ ટ્રેસ સેવાને જો કોન્ટેક્ટ ટ્રેસિંગ માટે તેમજ સ્થાનિક રોગચાળો ફાટી નીકળવા માટે તપાસ કરવાની જરૂરત પડે તો તેમને તે વિગતોથી સહાયતા થઈ શકે. NHS ટેસ્ટ એન્ડ ટ્રેસને સહાય કરવા માટે કર્મચારીઓ, ગ્રાહકો તેમજ મુલાકાતીઓના રેકોર્ડ જાળવવા ઉપર વધારે માર્ગદર્શન અહીંથી મેળવી શકાશે.

તમારા ધાર્મિક સ્થળે આવતાં લોકોનાં નામ અને સંપર્કની વિગતો એકઠી કરતી વખતે તમારે તેમની મંજૂરી માગવી જોઈએ. આનું કારણ એ છે કે આ સંજોગોમાં એકઠી કરવામાં આવતી વિગતો સંભવતઃ સંવેદનશીલ પ્રકારની છે, જેને કાયદા દ્વારા સુરક્ષા પ્રાપ્ત છે. ટેસ્ટ એન્ડ ટ્રેસ માટે એકઠી કરવામાં આવતી મુલાતીકીઓની વિગતો ઉપરની માર્ગદર્શિકા, તેમની મંજૂરી લેવાને લગતા મુદ્દાઓ સહિત, ઈન્ફોર્મેશન કમિશનરની ઓફિસ દ્વારા પૂરી પાડવામાં આવેલ છે. તમારે એ સ્પષ્ટતા કરવી જોઈએ કે સંપર્કની વિગતો આપવાનું વૈકલ્પિક છે અને તે તમારા ધાર્મિક સ્થળ પર હાજરી આપવાની કોઈ શરત નથી. ધાર્મિક સ્થળ પર લોકોની મંજૂરી લેવા માટેનું એક ઉદાહરણ અમે બનાવ્યું છે, જે સૂચી Bમાં આપેલ છે.

**ક્ષમતા પર મર્યાદા**

ધાર્મિક સ્થળના રિસ્ક અસેસમેન્ટના આધારે તે સ્થળની પોતાની ક્ષમતા અનુસાર સાર્વજનિક દર્શન માટે લોકોની સંખ્યા પરની મર્યાદા નક્કી કરવામાં આવવી જોઈએ. કોઈ પણ એક સમયે ધાર્મિક સ્થળમાં આવતાં લોકોની સંખ્યા પર મર્યાદા મૂકવામાં આવવી જોઈએ, જેથી ઓછામાં ઓછું 2 મીટરનું અંતર, અથવા રોગ પ્રસરવાનું જોખમ ઓછું કરવા માટે લેવાયેલાં પગલાં સાથે 1

મીટરનું સલામત અંતર (જ્યાં 2 મીટર અંતર રાખવું શક્ય ન હોય) જુદાં જુદાં ઘરનાં લોકો વચ્ચે જાળવી શકાય.

- સ્થળના કદ અને સંજોગો (તાજી હવાની અવરજવર સહિત) અનુસાર, સાથે સાથે તે સ્થળ પર સામાજિક અંતર જાળવવાનું પણ શક્ય બને તેવી રીતે ત્યાં વધુમાં વધુ કેટલાં લોકો સમાઈ શકે તે નક્કી કરી શકાશે; આના કારણે, તે સ્થળ પર કદાચ લગ્ન જેવા પ્રસંગો માટે હાજર રહી શકતાં વધુમાં વધુ 30 લોકો કરતાં ઓછાં લોકોની હાજરી હોઈ શકે.

- કેટલી સંખ્યામાં લોકો હાજર રાખવાનું સલામત છે તે સ્થળના મેનેજરે નક્કી કરવું જોઈએ.

- કેટલી સંખ્યામાં લોકો વાજબી રીતે સામાજિક અંતર જાળવી શકશે તે નક્કી કરતી વખતે, કુલ જમીનનો વિસ્તાર તેમજ અમુક ખૂણાનાં સ્થાનો અને ભીડ થઈ શકે તેવા વિસ્તારોને પણ ધ્યાનમાં રાખવાં જોઈએ (જેમ કે પ્રવેશદ્વારો, બહાર નીકળવાનાં સ્થાનો) અને જ્યાં શક્ય હોય ત્યાં તેના બદલે વાપરવાનાં સ્થાનો કે એક-માર્ગી રસ્તાઓ બનાવવા જોઈએ.

**સામાજિક અંતર**

ધાર્મિક સ્થળ પર બધાં મેનેજરો તેમજ મુલાકાતીઓએ સામાજિક અંતરની માર્ગદર્શિકાઓનું પાલન કરવું જોઈએ, જેમ કેઃ

- જ્યાં શક્ય હોય ત્યાં ઓછામાં ઓછું 2 મીટરનું અંતર અથવા અથવા રોગ પ્રસરવાનું જોખમ ઓછું કરવા માટે લેવાયેલાં પગલાં સાથે 1 મીટર (જ્યાં 2 મીટર અંતર રાખવું શક્ય ન હોય) જુદાં જુદાં ઘરનાં લોકો વચ્ચે જાળવવું. અવારનવાર વાપરવામાં આવતાં સ્થાનો માટે તે વિસ્તારોમાં જમીન પર ટેપ લગાવીને અથવા પેઈન્ટ કરીને લોકોને સામાજિક અંતર જાળવવામાં મદદ કરવી.

- ચેપ પ્રસરવાનું જોખમ ઓછું કરવા માટે વધારાનાં પગલાં લેવાનું તમારે વિચારવું જોઈએ અને તે તમારા રિસ્ક અસેસમેન્ટમાં જણાવવાં જોઈએ. આમાં, આ આખી માર્ગદર્શિકામાં જણાવ્યા અનુસાર, દાખલા તરીકે ગોઠવણોમાં ફેરફાર કરીને લોકો સામ-સામે ન બેસે તેવું ગોઠવવું, બંધિયાર જગ્યાઓમાં લોકોની સંખ્યા ઓછી રાખવી, હવાની અવરજવર વધારવી, સુરક્ષાત્મક પડદા (સ્ક્રીન) અને ચહેરા પરનાં આવરણો વાપરવાં અને બિન-આવશ્યક હળવામળવાની જગ્યાઓ બંધ કરી દેવાનો સમાવેશ થાય છે.

લાઈનોનો વહીવટ કરવાનું અગત્યનું છે જેથી સ્થળમાં આવતાં અને જતાં લોકોનાં પ્રવાહ ઉપર સામાજિક અંતર જાળવીને ધ્યાનપૂર્વક નિયંત્રણ રાખી શકાય, ભીડ થવાનું કે લોકોનો એકબીજાં

સાથે સંપર્ક થવાનું જોખમ ઓછું કરી શકાય. ધાર્મિક સ્થળની બહાર રાહ જોઈ રહેલાં લોકોનું કેવી રીતે સંચાલન કરવું તેની પણ વિચારણા કરવી જોઈએ, સામાજિક અંતર રાખીને લાઈનો કરવાની પદ્ધતિ શરૂ કરવાનું વિચારવા સહિત.

તમામ ધાર્મિક ક્રિયાવિધિઓ એવી રીતે કરવામાં આવવી જોઈએ જેથી જુદાં જુદાં ઘરોનાં લોકો વચ્ચે સામાજિક અંતર જાળવવાનું પાલન કરી શકાય. આ ચેપના પ્રસારણનું જોખમ ઘટાડવા માટે છે. કોઈ ધાર્મિક ક્રિયાવિધિ કરવા માટે જ્યારે અત્યંત આવશ્યક હોય ત્યારે જ એકદમ નજીકનું અંતર હોવું જોઈએ (દાખલા તરીકે ધાર્મિક આગેવાન સાથેનો સંપર્ક). તે સંપર્કનો સમય તદ્દન ઓછામાં ઓછો હોવો જોઈએ.

સામાજિક અંતર જાળવવામાં સહાય કરવા માટે ચેપ પ્રસારણનું જોખમ ઓછું કરવા લેવાનાં અન્ય પગલાંમાં આનો સમાવેશ થઈ શકેઃ

- ધાર્મિક વિધિની દોરવણી કરતાં લોકોએ ભેગાં થયેલાં લોકોને સામાજિક અંતર તેમજ સ્વચ્છતાની અગત્યતા યાદ કરાવવી.
- સ્થળ પર જમીન પર યોગ્ય નિશાનીઓ તેમજ સૂચનાઓ લગાવીને, બિન-આવશ્યક વિસ્તારોમાં જવા-આવવા પર પ્રતિબંધો મૂકીને, સ્થળ પર જવા-આવવાના એક-માર્ગી પ્રવાહ શરૂ કરવા. પૂજા કે પ્રાર્થના પૂરાં થાય ત્યારે ભક્તજનો એક જ વ્યક્તિની હરોળ બનાવીને બહાર નીકળે, જેથી પ્રવેશના કે બહાર નીકળવાનાં સ્થાનોમાં લોકોની ભીડ ન થઈ જાય.
- સ્થળમાં પ્રવેશવાનાં એક કરતાં વધારે દરવાજા ખોલવા, અને સ્પષ્ટપણે ત્યાં સૂચનાઓ લગાવવી કે મદદ મૂકવી જેનાથી ભક્તજનોને માર્ગદર્શન મળે અને ભીડ ન થાય.
- જુદા જુદા સમયે આવવાના અને જવાના સમયો રાખવાથી સ્થળમાં પ્રવેશવાના અને બહાર નીકળવાના માર્ગો પર લોકોનો પ્રવાહ ઓછો થશે અને જાહેર વાહનો પર પણ ઓછી અસર પડશે. આમાં સુવિધા કરવા માટે સ્થળો તેમની બુકિંગની પદ્ધતિ શરૂ કરવાનું પણ વિચારી શકે. જે લોકોને અમુક ચોક્કસ જરૂરતો હોય તેમને કેવી રીતે અગ્રતા આપવામાં આવે તેનો પણ તમે વિચાર કરવા ઈચ્છો.
- ભક્તજનોને છૂટાં પાડવા માટે પડદા કે સ્ક્રીનો, અંતરાયો અથવા વૈકલ્પિક રૂમોનો ઉપયોગ કરવો.
- સ્થળ પર પ્રવેશવાના, બહાર નીકળવાના માર્ગો તેમજ લાઈનોની ગોઠવણ કરતી વખતે તેનો ઉપયોગ કરનારાં ભક્તજનો, જેમ કે શારીરિક અસમર્થતાવાળાં લોકોની સુવિધા માટે તેમાં વાજબી સુધારા-વધારા કરવાનો પણ વિચાર કરવો જોઈએ.
- આવનારાં લોકોની સંખ્યાના વહીવટમાં મદદ માટે બુકિંગની પદ્ધતિ શરૂ કરવી, ખાસ કરીને જે વિધિઓમાં હાજરી આપનારાંની સંખ્યા મોટી હોય તે માટે.

- જે લોકો પર ખાસ કરીને કોવિડ-19નું ધારે જોખમ રહેલું હોય, જેમ કે 70 વર્ષથી વધુ ઉંમરનાં અથવા તબીબી રીતે અરક્ષિત લોકો, તેમના માટે અમુક નક્કી કરાયેલા ચોક્કસ દિવસે અને સમયે ધાર્મિક સ્થળો ખુલ્લાં હોવાની સ્થળનાં મેનેજરોએ જાહેરાતો કરવી.
- ધાર્મિક સ્થળની અંદર કોઈ એક જ જગ્યાએ લોકો ભેગાં થવાની સંખ્યા પર મર્યાદા રાખવા માટે જુદી જુદી જગ્યાએ પૂજા કે પ્રાર્થના કરવી - અને સ્થળમાં અંદર આવવા કે બહાર જવાનાં સ્થાનો પર ભીડ થવાનું જોખમ પણ ટાળવું.
- જ્યાં સામાજિક અંતર જાળવી શકાય તેમ ન હોય, ત્યાં ચેપનું પ્રસારણ થવાનું જોખમ ઓછું કરવા માટે સ્વચ્છતા અને સફાઈ પર ખાસ ધ્યાન આપવું જરૂરી છે. સ્થળ પર તાજી હવાની અવરજવર કેટલી સારી રીતે થાય છે તે વિચારો અને જ્યાં શક્ય હોય ત્યાં તેમાં સુધારા કરો, દાખલા તરીકે જ્યારે યોગ્ય હોય ત્યારે દરવાજા ખુલ્લા રાખો.
- હાથની સ્વચ્છતા પરની માર્ગદર્શિકાનું પાલન કરવુંઃ
  - સામાન્ય કરતાં વધારે વાર તમારા હાથ ધુઓ, સાબુ અને પાણી વડે 20 સેકંડ સુધી અથવા હેન્ડ સેનિટાઈઝર વાપરો, ખાસ કરીને ઉધરસ, છીંક ખાઈને, નાક સાફ કરીને અથવા કોઈ જાહેર સ્થળમાંથી પાછાં આવીને
  - જ્યારે તમે ઉધરસ કે છીંક ખાવ ત્યારે તમારું મોઢું ટિશ્યૂ વડે ઢાંકો, અથવા જો તમારી પાસે ટિશ્યૂ ન હોય તો અથવા તમારી કપડાની બાંય વડે ઢાંકો (તમારા હાથથી નહિ) અને તરત જ તે ટિશ્યૂ સ્વચ્છતાપૂર્વક ફેંકી દો. તે પછી તમારા હાથ સાબુ અને પાણીથી ઓછામાં ઓછી 20 સેકંડ સુધી ધોઈ લો અથવા જો હાથ ધોવાની સગવડ ન હોય તો હેન્ડ સેનિટાઈઝર વાપરો.

સામાજિક અંતર રાખવાની ઉપરોક્ત સલાહ ધાર્મિક સ્થળ પર જવા-આવવા માટે મુસાફરી કરતી વખતે પણ લાગુ પડે છે. કાર પાર્કો ખોલવાના નિર્ણયો સ્થાનિક રીતે લેવામાં આવવા જોઈએ અને લોકોને સામાજિક અંતર જાળવવામાં મદદ માટે કાર પાર્કની ગોઠવણી બદલવાના વ્યવહારૂ પગલાં લેવાનું વિચારવું જોઈએ. પરિવહન, પાર્કિંગ તેમજ જાહેર જગ્યાઓને લગતું સામાજિક અંતર જાળવવા વિશેનું માર્ગદર્શન અહીંથી મેળવી શકાય છે કોરોનવાઈરસ રોગચાળાના ફેલાવા દરમ્યાન જેમણે મુસાફરી કરવી પડે તે લોકો માટેની માર્ગદર્શિકા. આની નિયમિત રીતે પુનઃવિચારણા અને સુધારાવધારા કરવામાં આવે છે.

**જે લોકોને બીમારીનાં ચિહ્નો જણાતાં હોયઃ**
કોવિડ-19નાં ચિહ્નો દેખાતાં હોય (નવી સતત ઉધરસ, ખૂબ વધારે તાવ, સ્વાદ કે સૂંઘવાની સામાન્ય શક્તિ ગુમાવવી કે બદલાવી) તેવી કોઈ પણ વ્યક્તિ બીજાં લોકો પર જે જોખમ ઊભાં કરે તેના કારણે તેમણે ધાર્મિક સ્થળ પર ન આવવું જોઈએ; તેમણે તરત જ પોતાના ઘરનાં બીજાં સભ્યોની સાથે પોતાના ઘરમાં સેલ્ફ-આઈસોલેટ કરવું જોઈએ. તેઓ દૂરથી ભાગ લઈ શકે તેનો

વિચાર કરવો જોઈએ, જેમ કે જીવંત પ્રસારણ મારફતે. આ ધાર્મિક સ્થળ પર કામ કરતાં લોકોને પણ તેટલું જ લાગુ પડે છે.

### જેમના ઘરમાં કોવિડ-19નો સંભવિત અથવા ચોક્કસ કરાયેલ કેસ હોવાના કારણે જેઓ સેલ્ફ-આઈસોલેટ કરી રહ્યાં હોય તે લોકો

જ્યાં લોકો તેમના ઘરમાં સંભવિત અથવા ચોક્કસ કરાયેલ કોવિડ-19ના કેસને કારણે સેલ્ફ-આઈસોલેટ કરી રહ્યાં હોય, અથવા જો તેમને NHS ટેસ્ટ એન્ડ ટ્રેસ સેવા દ્વારા તેમ કરવાનું કહેવામાં આવ્યું હોય તેમણે દૂરથી ભાગ લેવો જોઈએ. કોવિડ-19ના સંભવિત અથવા ચોક્કસ કરાયેલ લોકોનાં ઘરનાં સભ્યો માટે ઘરમાં જ રહેવા વિશેની માર્ગદર્શિકા જુઓ. ફ્યુનરલો માટેની માર્ગદર્શિકા જુદી છે, કોરોનાવાઈરસના દેશવ્યાપી રોગચાળાના સમય દરમ્યાન ફ્યૂનરલ (અંતિમ વિધિ)નો વહીવટ કરવા. માટેની માર્ગદર્શિકા જુઓ.

### આરોગ્ય સ્વચ્છતા

- ધાર્મિક સ્થળમાં પ્રવેશતી અને ત્યાંથી બહાર નીકળતી વખતે, દરેક જણને, કર્મચારીઓ સહિતને તેમના હાથ ઓછામાં ઓછી 20 સેકંડ સુધી સાબુ અને પાણી વડે સંપૂર્ણ રીતે ધોવાનું અથવા જો હાથ ધોવાની સગવડ ન હોય તો હેન્ડ સેનિટાઈઝર વાપરવાનું કહેવામાં આવવું જોઈએ. પબ્લિક હેલ્થ ઈંગ્લેન્ડનું પોસ્ટર અહીંથી ડાઉનલોડ કરી શકાય છે.
- હાથ સારી રીતે ધોવાની પદ્ધતિ વિશે જાગૃતિ ફેલાવવા માટે, વારંવાર હાથ ધોવાની જરૂરત, તમારા ચહેરાને અડવાનું ટાળવા અને ઉધરસ કે છીંક ખાતી વખતે ટિશ્યૂ વાપરીને તેને સલામતીથી ડસ્ટબિનમાં ફેંકી દેવું, અથવા જો ટિશ્યૂ ન મળી શકે તો તમારા કપડાની બાંયનો ઉપયોગ કરવા વિશેની સૂચનાઓ અને પોસ્ટરો લગાવવાં જોઈએ..
- તમારે ટોઈલેટની સગવડોમાં મૂકવા ઉપરાંત બીજાં અનેક સ્થળે હેન્ડ સેનિટાઈઝરો પૂરાં પાડવાં જોઈએ.

### ટોઈલેટો

ધાર્મિક સ્થળની અંદર આવેલાં કે તેની સાથે જોડાયેલાં ટોઈલેટો ખુલ્લાં રાખવાં જોઈએ અને કોવિડ-19ના પ્રસારણનું જોખમ ઘટાડવા માટે તેનો સાવચેતીથી વહીવટ કરવામાં આવવો જોઈએ. ટોઈલેટોનો ઉપયોગ બને તેટલો સલામત બનાવવા માટે સામાન્ય રીતે લેવાં જરૂરી પગલાં:

- નિશાનીઓ અને પોસ્ટરો વાપરવાં (ઉપર આપેલ આરોગ્ય સ્વચ્છતા જુઓ).
- જે વિસ્તારોમાં સામાન્ય રીતે લાઈનો લાગતી હોય ત્યાં સામાજિક અંતર માટેની નિશાનીઓ વાપરવી, અને અમુક મર્યાદિત સંખ્યામાં જ લોકોને પ્રવેશવાની પદ્ધતિ અપનાવવી, જ્યાં એક અંદર આવે અને એક બહાર જાય (સાથે અમુક સાંકડા વિસ્તારોમાં વધારાનાં લોકોની ભીડ ન થઈ જાય તે જોવું).

- હાથની સારી આરોગ્ય સ્વચ્છતા જાળવવા માટે, ટોઈલેટોમાં જવાના સ્થાન પર જ્યાં સલામત અને વ્યવહારૂ હોય ત્યાં હેન્ડ સેનિટાઈઝરો ઉપલબ્ધ કરવાં, અને યોગ્ય રીતે હાથ ધોવા માટેની સુવિધાઓ, વહેતું પાણી તેમજ પ્રવાહી સાબુ તેમજ હાથ સૂકવવાની યોગ્ય સગવડો (કાગળના ટાવલ અથવા હેન્ડ ડ્રાયરો) ઉપલબ્ધ હોવાની ખાતરી કરવી. સાર્વજનિક રીતે વાપરવાના ટાવલ કાઢી લેવા જોઈએ અને તેના સ્થાને એક જ વાર વાપરી શકાય તેવા કાગળના ટાવલ મૂકવા જોઈએ.
- ટોઈલેટોના વપરાશ અને સફાઈ માટેનાં સ્પષ્ટ માર્ગદર્શનો બનાવો અને તેના વપરાશના પ્રમાણમાં તેની સફાઈ કરવાનું પ્રમાણ વધારવું. સામાન્ય સફાઈનાં ઉત્પાદનો વાપરો, જ્યાં વારંવાર લોકોના હાથ અડતા હોય તે સપાટીઓ પર ખાસ ધ્યાન આપો અને તમામ સખત સપાટીઓ સાફ કરવા માટે વાપરીને ફેંકી દેવાનાં કપડાં અથવા કાગળના રોલ વાપરવાનું વિચારી જુઓ.
- સુવિધાઓમાં સારી રીતે તાજી હવાની અવરજવર રાખો, દાખલા તરીકે જ્યાં યોગ્ય અને સલામત હોય ત્યાં દરવાજા ખુલ્લા રાખવા.
- પોર્ટેબલ ટોઈલેટો તેમજ ટોઈલેટનાં મોટાં બ્લૉક્સની સફાઈ માટે ખાસ સંભાળ લેવામાં આવવી જોઈએ.
- સફાઈ માટેનું લોકોને દેખાઈ શકે તેવું ટાઈમટેબલ લગાવવું જે નિયમિત રીતે સુધારવામાં આવતું હોય અને સ્પષ્ટ રીતે દેખાતું હોય.
- કચરો ફેંકવામાટેની વધારે સગવડો પૂરી પાડવી અને કચરાનો અવારનવાર નિકાલ કરવો.

**સફાઈ**

- બધી જ સપાટીઓ, ખાસ કરીને જ્યાં વારંવાર લોકો અડતાં હોય, જેમ કે બારણાંના હેન્ડલો તેમજ રેઈલ વગેરેને સાધારણ સફાઈનાં ઉત્પાદનો વાપરીને નિયમિત રીતે સાફ કરવી જોઈએ. માર્ગદર્શિકા જુઓ. આ સફાઈ કરવા માટે પૂરતો સમય આપવો જોઈએ, ખાસ કરીને પહેલીવાર તે ફરીથી ખોલતાં પહેલાં. અવારનવાર વાપરવામાં આવતી વસ્તુઓ, સપાટીઓ અથવા સ્થાનો, દાખલા તરીકે, મકાનના બહારના અને અંદરના ભાગ વચ્ચેની પરસાળો સાફ કરતી વખતે ત્યાં ખાસ ધ્યાન આપવું જોઈએ.

- હિસ્ટોરિક ઈંગ્લેન્ડ દ્વારા ઐતિહાસિક સપાટીઓની સફાઈ કરવા ઉપરની માર્ગદર્શિકા પણ પ્રકાશિત કરવામાં આવી છે, જે કદાચ સફાઈનાં સાધારણ ઉત્પાદનો વાપરીને સાફ કરી શકાય તેમ ન હોય.

- જોખમની આકારણી તેમજ મકાનના ઉપયોગના આધારે, કેટલી વખત ત્યાં સફાઈ કરવી તેનો નિર્ણય સ્થાનિક રીતે લેવો જોઈએ.

**ચહેરાનાં આવરણો (ફેસ કવરિંગ)**

- પુરાવા સૂચવે છે કે ચહેરા પર આવરણો પહેરવાથી (ફેસ કવરિંગ) તમને સુરક્ષા મળતી નથી. પરંતુ, જો તમને ચેપ લાગેલો હોય પણ હજુ કોઈ ચિહ્નો શરૂ ન થયાં હોય, તો તેનાથી તમે જે બીજાં લોકોના સંપર્કમાં આવો તેમને કેટલુંક રક્ષણ મળી શકે.

- ચહેરા પરનાં આવરણો, જોખમોના સંચાલનની બીજી પદ્ધતિઓના બદલામાં નથી, જેમ કે સામાજિક અંતર રાખવું, એકબીજાંના સંપર્કમાં બને તેટલો ઓછો સમય વીતાવવો, અને હાથ તેમજ સપાટીઓ વધારે વખત ધોવાં. ધાર્મિક સ્થળોમાં જોખમોના સંચાલન માટે આ બીજાં પગલાં હજુ પણ ઉત્તમ ઉપાયો છે. જો તમને કોવિડ-19નાં ચિહ્નો હોય, તો તમારે અને તમારાં ઘરનાં સભ્યોએ ઘરમાં જ સેલ્ફ-આઈસોલેટ કરવું જોઈએઃ ફેસ કવરિંગ પહેરવાથી આમાં કોઈ બદલાવ આવતો નથી. તમને કોવિડ-19 છે કે નહીં તે જોવા માટે તમારે ટેસ્ટ કરાવવાની ગોઠવણ કરવી જોઈએ.

ભક્તજનો, વોલન્ટીયરો તેમજ કર્મચારીઓ બીજાં લોકોને સુરક્ષા પૂરી પાડવા માટે પોતે ફેસ કવરિંગ પહેરવાનું પસંદ કરી શકે છે, અને જો તેઓ તેમ કરે, તો તેનો યોગ્ય ઉપયોગ કરવાનું અગત્યનું છેઃ

- તે પહેરતાં અને કાઢતાં પહેલાં તમારા હાથ પૂરેપૂરા ધુઓ.

- મુખ્ય બાબત એ છે કે તેનાથી મોઢું અને નાક બંને ઢંકાવાં જોઈએ અને તે ચહેરા પર બરાબર બંધબેસતું હોવું જોઈએ. ઘરે ફેસ કવરિંગ બનાવવા માટેની માર્ગદર્શિકા જુઓ.

- નાનાં બાળકો અથવા જેમને તે યોગ્ય રીતે પહેરવાનું મુશ્કેલ લાગતું હોય તે લોકોએ ફેસ કવરિંગ ન વાપરવાં જોઈએ. દાખલા તરીકે, પ્રાથમિક ઉંમરનાં બાળકો જેમને કોઈ સહાય કરવાવાળું ન હોય, અથવા જેમને શ્વાસોચ્છ્વાસને લગતી બમારી હોય તે લોકો.

- ફેસ કવરિંગ એ આરોગ્ય સંભાળનાં તેમજ અન્ય કાર્યકરો દ્વારા તેમના પર્સનલ પ્રોટેક્ટિવ ઈક્વીપમેન્ટના ભાગરૂપે વાપરવામાં આવતાં સર્જિકલ માસ્ક કે રેસ્પિરેટરો જેવાં જ સરખાં નથી. આ માસ્ક અને રેસ્પિરેટરો જે લોકોને તેમના કામના સ્થળે જોખમો સામે રક્ષણ મેળવવા માટે જરૂરી હોય તેમના માટે સાચવી રાખવાં જોઈએ, જેમ કે આરોગ્ય અને સંભાળના ક્ષેત્રનાં કાર્યકરો, અને જેઓ ઔદ્યોગિક સ્થળોમાં કામ કરતાં હોય તે લોકો, જેમ કે ધૂળનાં જોખમોનો સામનો કરતાં લોકો, જેઓ તેમના રોજિંદા કામોમાં તેનો હંમેશાં ઉપયોગ કરતાં હોય છે.

- ઈંગ્લેન્ડમાં, જાહેર જનતાને સખત વિનંતી કરવામાં આવે છે કે તેઓ હોસ્પિટલમાં ફેસ કવરિંગ પહેરે, અને જાહેર પરિવહનો પર ફેસ કવરિંગ પહેરવાનું ફરજિયાત છે, જે લોકોને અહીં આપેલ યાદીમાં તેમાંથી મુક્તી મળેલી હોય તેમના સિવાય.

- 3 વર્ષથી નાની ઉંમરનાં બાળકોએ અથવા જેમને તે સાચી રીતે પહેરવામાં મુશ્કેલી પડતી હોય તેમણે ફેસ કવરિંગ ન વાપરવાં જોઈએ.

- કૃપા કરીને એ ધ્યાનમાં રાખશો કે ફેસ કવરિંગ પહેરવાથી એ લોકો સાથેની વાતચીત કરવાનું મુશ્કેલ બની શકે જેઓ હોઠનું હલનચનલ વાંચવા, ચહેરાના હાવભાવ તેમજ સ્પષ્ટ ધ્વનિ સાંભળવા ઉપર આધાર રાખતાં હોય.

ફેસ કવરિંગ એ આરોગ્ય સંભાળનાં તેમજ અન્ય કાર્યકરો દ્વારા તેમના પર્સનલ પ્રોટેક્ટિવ ઈક્વીપમેન્ટના ભાગરૂપે વાપરવામાં આવતાં સર્જિકલ માસ્ક કે રેસ્પિરેટરો જેવાં જ સરખાં નથી. જે લોકોને તેમના કામના સ્થળે જોખમો સામે રક્ષણ મેળવવા માટે જરૂરી હોય તેમના માટે આ સાચવી રાખવાં જોઈએ, જેમ કે આરોગ્ય અને સંભાળના ક્ષેત્રનાં કાર્યકરો, અને જેઓ ઔદ્યોગિક સ્થળોમાં કામ કરતાં હોય તે લોકો, જેમ કે ધૂળનાં જોખમોનો સામનો કરતાં લોકો.

**અરક્ષિત લોકોનું રક્ષણ કરવું**

તબીબી રીતે અરક્ષિત લોકો જે લોકોને ગંભીર બીમારી થવાની વધારે સંભાવના હોય તેમનું રક્ષણ કરવા પર ખાસ ધ્યાન આપવામાં આવવું જોઈએ. તે માટેનાં પગલાંમાં આનો સમાવેશ થવો જોઈએ:

- ધાર્મિક આગેવાનો, અન્ય સાધારણ લોકો, કુટુંબો, વોલન્ટીયરો, કર્મચારીઓ અને જાહેર જનતાનાં લોકો, બાળકો સહિતે, ઘરમાં રહેવું અને સેલ્ફ-આઈસોલેટ કરવું જોઈએ જો તેમને નવી, સતત ઉધરસ આવતી હોય અથવા ખૂબ વધારે તાવ હોય અથવા તેમની સૂંઘવાની કે સ્વાદની સામાન્ય શક્તિ બદલાઈ ગઈ હોય કે જતી રહી હોય. આ મિત્રો, વ્યાપક સમાજમાં અને ખાસ કરીને જેમના પર જોખમ હોઈ શકે તેવાં લોકોમાં કોવિડ-19 ફેલાવાનું જોખમ બને તેટલું ઓછું કરવા માટે છે.
- જે લોકો શિલ્ડિંગ કરી રહ્યાં હોય તેમણે સરકારની શિલ્ડિંગ વિશેની સલાહ અનુસરવાનું ચાલુ રાખવું જોઈએ.
- જો ધાર્મિક સ્થળમાં કોઈ પણ વ્યક્તિ કોવિડ-19નાં ચિહ્નો સાથે બીમાર પડે, તો તેમણે તાત્કાલિક ઘરે જતાં રહેવું જોઈએ અને તેમને ઘરમાં જ રહો માર્ગદર્શિકાઅનુસરવાની સલાહ આપવામાં આવવી જોઈએ, જેમાં NHS ટેસ્ટ એન્ડ ટ્રેસ આવરી લેવામાં આવે છે. જો તેમને તબીબી સલાહની જરૂર હોય, તો તેમણે NHS 111 પર ઓનલાઈન જવું જોઈએ (અથવા જો તેમની પાસે ઈન્ટરનેટની સગવડ ન હોય, તો 111 પર ફોન કરવો જોઈએ). ઈમર્જન્સીમાં જો તેઓ ગંભીર બીમાર હોય, કે ઈજા થઈ હોય અથવા તેમનો

જીવ જોખમમાં હોય તો 999 પર કોલ કરો. તેમણે જીપી, ફાર્મસી, તત્કાલિન કેર સેન્ટર અથવા હોસ્પિટલમાં જવું ન જોઈએ.

બીમાર પડેલી વ્યક્તિના સંપર્કમાં કદાચ આવ્યાં હોય તેવાં બીજાં લોકોએ તે સંપર્ક બાદ તરત જ તેમના હાથ પૂરેપૂરા ધોઈ લેવા જોઈએ, પરંતુ તેમણે બીજાં કોઈ ખાસ પગલાં લેવાની જરૂર નથી, સિવાય કે તેમને પોતાને ચિહ્નો દેખાવા લાગે અથવા NHS ટેસ્ટ એન્ડ ટ્રેસ દ્વારા તેમને કહેવામાં આવ્યું હોય. જો તેમને ચિહ્નો દેખાવા લાગે તો તેમણે ઘરમાં જ રહો માર્ગદર્શિકા અનુસરવી જોઈએ.

## ધાર્મિક સ્થળ પર આવતાં 70 વર્ષ અને તેથી વધુ ઉંમરનાં લોકો

- 70 વર્ષ કે તેથી વધુ ઉંમરનાં સહિત અમુક જૂથનાં લોકોને કોઈ તબીબી બીમારી હોય કે નહિ, કોવિડ-19થી ગંભીર બીમારી થવાનું વધારે જોખમ રહેલું હોઈ શકે.

- આ જૂથમાં આવતાં લોકોને બને તેટલું ઘરમાં જ રહેવાની સલાહ આપવામાં આવે છે, અને જો તેઓ બહાર નીકળે તો તેમણે તેમના ઘરની બહારનાં બીજાં લોકો સાથે બીજાં લોકો સાથે બને તેટલો ઓછો સંપર્ક થાય તેનું ખાસ ધ્યાન રાખવું જોઈએ.

- તમારે આ જૂથનાં લોકોને ખાસ કરીને કોવિડ-19નાં ચિહ્નો વિશે અને હાલની ઘરમાં જ રહો અને સામાજિક અંતર જાળવવાની માર્ગદર્શિકા વિશે જાણકારી આપવાનું વિચારવું જોઈએ.

## તબીબી રીતે અત્યંત અરક્ષિત હોય તેવાં લોકો

- કોવિડ-19થી જેઓ તબીબી રીતે અત્યંત અરક્ષિત હોવાનું મનાય છે તેવાં લગભગ 2.2 મિલિયન લોકોને NHSએ પત્ર લખીને શિલ્ડ કરવાની સલાહ આપી છે. આ જૂથનાં લોકો માટેની હાલની માર્ગદર્શિકા જુઓ. શિલ્ડ કરી રહેલાં દર્દીઓને હાલમાં તેમના ઘરની બહારના બીજા ઘરમાંથી એક કરતાં વધારે લોકોને નહિ મળવાની સલાહ આપવામાં આવી છે, અને એટલા માટે તેમને હાલમાં ધાર્મિક સ્થળોએ નહિ જવાની સલાહ છે. સોમવાર 6 જુલાઈથી, શિલ્ડિંગ કરી રહેલાં લોકો વધુમાં વધુ 6 લોકોનાં જૂથ સાથે ઘરની બહાર મળી શકે છે અને બીજા ઘરનાં સભ્યો સાથે એક સપોર્ટ બબલ બનાવી શકે છે, આથી તેમને હજુ પણ ધાર્મિક સ્થળોના મકાનોની અંદર નહિ જવાની સલાહ આપવામાં આવશે. તબીબી રીતે અરક્ષિત અને તબીબી રીતે અત્યંત અરક્ષિત બંને જૂથનાં લોકો માટેની સલાહ જો કે સલાહજનક માત્ર છે અને તેઓ તેમના પોતાના પરનું જોખમ તેઓ કેવી રીતે સંભાળશે તે પસંદ કરી શકે છે.

## 6. ધાર્મિક સ્થળો આ માર્ગદર્શિકા તેમના મુલાકાતીઓ સુધી કેવી રીતે પહોંચાડી શકે?

- દરેક ધાર્મિક સ્થળને આ માર્ગદર્શિકામાં જણાવેલાં પગલાં અમલમાં મૂકવાની સખત સલાહ છે, જેથી તેમનાં મુલાકાતીઓ સરકારના માર્ગદર્શનનું પાલન કરતાં હોવાની, અને ત્યાં મુલાકાતે આવનારાં તેમજ કામ કરનારાં તમામ લોકોની સુરક્ષા માટે સલાહ આપવામાં આવેલ કોઈ પણ રિસ્ક અસેસમેન્ટો તે સ્થળ માટે પૂરાં કરવામાં આવ્યાં હોવાની ખાતરી થાય. સરકારની સખત સલાહ છે કે દરેક ધાર્મિક સ્થળ પર મુલાકાતીઓ સામાજિક અંતર જાળવવાની માર્ગદર્શિકાનું પાલન કરતાં હોવાની ખાતરી કરવામાં આવે.
- ઘણાં ધર્મ સ્થાનોએ તેમના ધાર્મિક સમાજો માટે આમાંથી કેટલાક મુદ્દાઓ ઉપર ખાસ માર્ગદર્શનો જારી કર્યા છે. કોવિડ-19 વિશેની સરકારની માહિતી તમે તમારા ધર્મના સમુદાયને તેમજ બીજાં લોકોને પહોંચાડવા ઈચ્છો, જેથી કોઈ ખોટી માહિતીનો પ્રસાર ન થાય.
- જેમના પર કોવિડ-19થી ગંભીર બીમારી થવાનું વધારે જોખમ રહેલું હોય તેવાં અમુક જૂથનાં લોકોને કોવિડ-19નાં ચિહ્નો તેમજ હાલની ઘરમાં જ રહો અને સામાજિક અંતર જાળવવા ઉપરની માર્ગદર્શિકા વિશે માહિતી આપવાનું તમારે વિચારવું જોઈએ, અને તેમને આ સમયે ધાર્મિક ક્રિયાવિધિઓના મેળાવડાઓમાં હાજર રહેવાથી સખતપણે નિરુત્સાહ કરવાં જોઈએ અથવા તેમના માટે વ્યક્તિગત રીતે દર્શન કરવા આવવાના અલગ સમય ગોઠવવા જોઈએ.
- મુલાકાતીઓ સ્થળ પર આવે તે પહેલાંથી તેમને આ માર્ગદર્શિકા તેમની સંસ્કૃતિઓ, ભાષાઓ તેમજ તે સ્થળ પર આવનારાં લોકોની સમજણના સ્તર અનુસાર સહેલાઈથી સમજાઈ શકે તેવી યોગ્ય રીતે ઉપલબ્ધ કેવી રીતે કરાવી શકાય તેનો ધાર્મિક સ્થાનો અને ધાર્મિક આગેવાનોએ વિચાર કરવો જોઈએ.

## 7. સુરક્ષિત સલામતી

- ધાર્મિક સ્થાનમાં કોવિડ-19 માટેનાં પગલાં લઈને સુધારા વધારા કરવાના પરિણામે ત્યાંની સંચાલનની નીતિઓ, કાર્યપદ્ધતિઓ તેમજ કાર્યવાહીઓમાં ફેરફારો થવાનું અનિવાર્ય છે. આમાંના કોઈ પણ ફેરફારો ઉપર ત્યાંની સલામતી પર પડનારી અસરોની સાથે વિચારણા કરવામાં આવવી જોઈએ.
- આ માર્ગદર્શિકાનો અમલ કરતી વખતે ધાર્મિક સ્થાનોએ તે સ્થળ, ત્યાંના તમામ કર્મચારીઓ અને મુલાકાતીઓની સલામતી અસરકારકતાપૂર્વક જાળવવા માટે સુરક્ષિત સલામતીનાં પગલાં ધ્યાનમાં લેવાનું ચાલુ રાખવું જોઈએ, ખાસ કરીને સ્થળની અંદર

આવવા અને બહાર જવાની કાર્યપદ્ધતિઓ તેમજ મકાનની બહાર લાગતી લાઈનો તેમજ ભીડ, જ્યાં ખાસ કરીને લોકો પર વધારે જોખમ ઊભું થઈ શકે તેમ હોય.

- સ્થળની સુરક્ષા શક્ય તેટલી સારી રીતે જળવાઈ રહે તેની ખાતરી કરવા માટે અને કરવામાં આવતા ફેરફારોને કારણે સ્થળની સલામતીમાં કોઈ બિનઈરાદાપૂર્વકનાં વિપરિત પરિણામો ન ઊભાં થાય તે માટે, તે સ્થળની સલામતીની જેમના પર જવાબદારી હોય તે લોકો સાથે સતત રીતે સલાહમસલતો કરવામાં આવવી જોઈએ અને તેમનો સમાવેશ કરવામાં આવવો જોઈએ. અમલમાં મૂકવામાં આવતાં કોઈ પણ નવાં પગલાં કે ફેરફારો ઉપર તેનાં જોખમોની આકારણી કરવામાં આવવી જોઈએ જેથી તે જોખમોનો વિચાર કરવામાં આવ્યો હોવાની અને રોગ પ્રસારણનાં જોખમો ઓળખીને તે ઓછાં કરવા માટેનાં તમામ વ્યવહારૂ પગલાં અમલમાં મકૂવામાં આવે તેની ખાતરી કરી શકાય.
- જોખમના પ્રમાણની આકારણી કરવાનું દરેક ધાર્મિક સ્થળ પર આધારિત છે અને ધાર્મિક સ્થાનોને જો એમ લાગે કે તેઓ હાલના સામાજિક અંતરનાં પગલાં હેઠળ સલામતીથી સ્થળ ખોલી શકે તેમ નથી તો તેઓ સ્થળ ખોલવાનું પાછું ઠેલી શકે છે.

રિસ્ક અસેસમેન્ટ પૂરું કરવાની પ્રક્રિયા દરમ્યાન તમારે **સૂચી** A માં આપેલ સલામતીનાં પરિબળોને ધ્યાનમાં લેવાં જોઈએ.

## 8. અમલબજાવણી

બીજાં ક્ષેત્રોમાં હોય છે તેવી જ રીતે અહીં પણ, અમલબજાવણીની જોગવાઈઓથી વાકેફ રહેવાનું અગત્યનું છે.

જ્યાં અમલબજાવણી કરાવતી સત્તા (તમારી લોકલ ઓથોરિટી)ને જણાશે કે જવાબદાર લોકો લાગતાવળગતા જાહેર આરોગ્યના કાયદાનું અને જાહેર આરોગ્ય પરનાં જોખમોના નિયંત્રણ માટેના માર્ગદર્શનનું (આ માર્ગદર્શિકા સહિતનું) પાલન કરવા માટેનાં પગલાં લેતાં નથી, તો જોખમોનાં નિયંત્રણમાં સુધારા કરવા માટે તેઓ અનેક પ્રકારનાં પગલાં લેવાનું વિચારશે. દાખલા તરીકે, આમાં એમ્પ્લોયરો જ્યાં શક્ય હોય ત્યાં સામાજિક અંતર જાળવવાની ખાતરી કરવા માટેનાં યોગ્ય પગલાં ન લેતાં હોવાનો સમાવેશ થશે.

હાલના આરોગ્ય અને સુરક્ષાના કાયદા હેઠળ, કોવિડ-19ને ધ્યાનમાં લેતું હોય તેવું રિસ્ક અસેસમેન્ટ નહિ કરવું તે આ કાયદાનો ભંગ ગણાઈ શકે, તેવી જ રીતે અપૂરતાં પગલાં સાથેનું રિસ્ક અસેસમેન્ટ કરવાનું પણ કાયદાનો ભંગ ગણાઈ શકે. અમલબજાવણી કરતી સત્તા જે પગલાં લઈ શકે તેમાં એમ્પ્લોયરોને આવશ્યક ધોરણો પ્રાપ્ત કરવામાં ટેકો આપતી નિશ્ચિત સલાહ પૂરી

પાડવાથી માંડીને સુધારા કરવામાં આવે છે તેની ખાતરી કરવા માટે અમલબજાવણીની નોટિસ ફટકારવાનો સમાવેશ થઈ શકે છે.  અમલબજાવણીની નોટિસનું પાલન કરવામાં નિષ્ફળતા અને ગંભીર કાયદાભંગને ગુનાકીય અપરાધ તરીકે ગણવામાં આવી શકે, જેના માટે ગંભીર દંડ તેમજ બે વર્ષ સુધીની જેલ સજા પણ થઈ શકે છે.

અમલબજાવણી કરાવતી સત્તા દ્વારા આપવામાં આવતી આવી કોઈ પણ સલાહ અથવા મોકલવામાં આવતી નોટિસોનો એમ્પ્લોયરોએ ઝડપથી, અને અમલબજાવણી કરાવતી સત્તા દ્વારા લાગુ પાડવામાં આવેલ કોઈ પણ સમયમર્યાદાની અંદર પ્રતિસાદ આપવાની અપેક્ષા રાખવામાં આવે છે. મોટા ભાગનાં એમ્પ્લોયરો જવાબદાર હોય છે, અને પોતાનાં કાર્યકરો તેમજ જાહેર જનતાનું રક્ષણ કરવા માટે તેઓ સરકાર સાથે અને તેમના ક્ષેત્રની સંસ્થાઓની સાથે મળીને કોવિડ-19 સામેની સરકારની લડતમાં જોડાશે. જો કે ઈન્સપેક્ટરો દેશભરમાં અમલબજાવણીની તપાસો કરીને એમ્પ્લોયરો જરૂરી પગલાં લઈ રહ્યાં હોવાની ખાતરી કરી રહ્યાં છે.

### સૂચી A: સુરક્ષિત સલામતી માટેનું રિસ્ક અસેસમેન્ટ - ધ્યાનમાં લેવાનાં પરિબળો

ધાર્મિક સ્થળ કેવી રીતે ચલાવવું તેમાં કરવામાં આવતા ફેરફારોના પરિણામે તે ધાર્મિક સ્થળની અંદર અને આસપાસમાં કરવામાં આવતા કોઈ પણ આરોગ્ય અને સુરક્ષાના/આગથી સુરક્ષાના અસેસમેન્ટ અથવા લોકો પરના બીજા કોઈ પણ પ્રકારના ખતરા કે ભયજનક બાબતોના વ્યાપક અસેસમેન્ટના ભાગરૂપે અથવા તે ઉપરાંત, સુરક્ષિત સલામતીનો વિચાર કરતું હોય તેવું રિસ્ક અસેસમેન્ટ કરવામાં આવવું જોઈએ.

## લાઈનો, સામાજિક અંતર અને સલામતીઃ

જો સામાજિક અંતરની પદ્ધતિ સાચી રીતે ચલાવવામાં આવતી હશે તો વધારે પડતી ભીડ થવાની શક્યતાઓ નથી, તેમ છતાં જગ્યાઓની નવેસરથી કરવામાં આવેલી ગોઠવણીથી સલામતીનાં નવાં જોખમો ઊભાં થઈ શકે, ખાસ કરીને જ્યાં એક કરતાં વધારે લાઈનો ઊભી થતી હોય. નીચેની બાબતો ધ્યાનમાં લેવામાં આવવી જોઈએઃ

- સ્થળના મેનેજરોએ જ્યાં શક્ય હોય ત્યાં, અને સામાજિક અંતરના પગલાં અનુસાર, હાલના સુરક્ષિત વિસ્તારોમાં લાઈનો કરવાની ગોઠવણ કરવી જોઈએ; સ્થળના મેનેજરોએ સમગ્ર સ્થળમાં સુરક્ષિત સલામતીનો વિચાર કર્યા વગર કોઈ પણ સુરક્ષાનાં સાધનો અથવા ઉપયોગી શેરીનું ફર્નિચર ત્યાંથી ખસેડી લેવું જોઈએ નહિ.

- જો લાઈનો સુરક્ષિત વિસ્તારોની બહાર જ કરી શકાય તેમ હોય તો સ્થળના મેનેજરોએ વિચારણા કરીને કોઈ પણ જોખમો આ રીતે હળવા કરવા જોઈએઃ કાયમી બાંધેલ બાંધકામોની પાછળ લાઈનો લગાવવી (જેમ કે શેરી પરનું ફર્નિચર, બોલાર્ડ્સ, ટ્રોલી પાર્ક તેમજ સાઈકલો લગાવવાની રૅક્સ) જેથી લોકોને તે સ્પષ્ટ રીતે દેખાઈ શકે અને લાઈનો ધીમી પડી શકે; સહિયારાં સ્થાનોમાં વાહનો આવતાં બંધ કરવાં; સેવાના અને ડિલિવરીઓના સમયોમાં ફેરફારો કરવા; વાહનો અને પગપાળા રાહદારીઓ એકબીજાં સાથે મળી શકે તેવી તકો ઓછી કરવી; મજબૂત અંતરાયો ઊભા કરવા; ટ્રાફિક ધીમો પાડવાનાં પગલાં લઈને વાહનોની ગતિ મર્યાદા ઓછી કરવાની શરૂઆત કરવી.
- સ્થળના મેનેજરોએ લાઈનો લાગવાનાં સ્થાનો, સમય તેમજ લોકોની સંખ્યા વિશેની વિગતવાર માહિતી અથવા શેરીના ફર્નિચર અને બોલાર્ડ્સ કાઢી લેવામાં આવ્યા હોવાની વિગતો સ્થળ પર કે ઓનલાઈન જાહેર કરવી જોઈએ નહિ.

## કર્મચારીઓ, સુરક્ષા અધિકારીઓ/ વોલન્ટીયરો અને સેવકો

કર્મચારીઓએ સચેત રહેવાનું અને આતંકવાદ તેમજ વિસ્તૃત અપરાધો સહિતના સુરક્ષાના સંભવિત ખતરા ઉપર પગલાં લેવાનું અત્યંત અગત્યનું છે. તેમણેઃ

- એ ચોક્સાઈ કરવાનું ચાલુ રાખવું જોઈએ કે કર્મચારીઓને આપવામાં આવતી નિયમિત માહિતી બેઠકોમાં આરોગ્ય અને સુરક્ષાના ખતરાની સાથે સાથે સલામતી પરના ખતરા વિશેની જાગૃતિ પણ આપવામાં આવે.
- સેવકો, અને અમુક કિસ્સાઓમાં સુરક્ષા અધિકારીઓ કોવિડ-19ને લગતી સલામતીનાં કારણોસર લોકો અને લાઈનોનો વહીવટ કરવા ઉપર ધ્યાન આપી રહ્યાં હોય તો પણ તે

દરમ્યાન તેમણે કોઈ પણ શંકાસ્પદ પ્રવૃત્તિ પ્રત્યે સાવચેત રહેવાનું અને શક્ય તેટલું ઝડપથી તેની જાણ કરી દેવાનું ચાલુ રાખવું જોઈએ.

- આદર્શ રીતે, બની શકે તો સામાજિક અંતર તેમજ આરોગ્ય અને સુરક્ષાનાં પગલાંના વહીવટ માટે અલગ સેવકો તેમજ સુરક્ષા માટે અલગ સેવકો રાખવાનું વિચારવું જોઈએ, જેથી સ્થળને તમામ પ્રકારના ખતરા સામે સુરક્ષિત રાખવા ઉપર યોગ્ય ધ્યાન આપી શકાશે.
- કોઈ પણ બનાવ વિશે લોકોને જાણ કરવા માટે સ્થળ પર સંદેશાવ્યવહારની સુયોગ્ય પદ્ધતિ રાખેલ હોય તેની ખાતરી કરવી. એક નાનકડો મહાવરો કે ચકાસણી કરીને તપાસી લો કે આના માટેની કાર્યવાહીઓ તેમજ સાધનો બરાબર કામ કરી રહ્યાં છે કે નહિ.

વધારે માહિતી માટે અને કોવિડ-19ને લગતી ખાસ સુરક્ષા સલાહ માટે સેન્ટર ફોર પ્રોટેક્શન નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (Protection National Infrastructure (CPNI)) અને નેશનલ કાઉન્ટ ટેરરીઝમ સિક્યોરીટી ઓફિસ (National Counter Terrorism Security Office (NaCTSO)).

ઉપયોગી માહિતી નીચેની વેબસાઈટો પરથી પણ મળી શકે છે:

CPNI સલાહ:

- **COVID-19 સામેની સલામતીને લગતી બધી જ સલાહ:** https://www.cpni.gov.uk/staying-secure-during-covid-19-0
- **શત્રુતાપૂર્વક ચલાવતાં વાહનો:** https://www.cpni.gov.uk/system/files/documents/cd/fa/The risk to pedestrians from Vehicle.pdf
- **શત્રુતાપૂર્ણ** વર્તનની તપાસ કરવા વિશે સલાહ https://www.cpni.gov.uk/system/files/documents/23/de/understanding-hostile-reconnaissance-understanding-and-countering-the-threat.pdf
- કોવિડ-19 **કામનાં સ્થળે લેવાનાં પગલાં માટેની ઝૂંબેશ** (સલામત અંતર અને સ્વચ્છતા વિશેના સંદેશા મોકલવા)https://www.cpni.gov.uk/covid-19-workplace-actions-0

NaCTSO સલાહ

- **સામાન્ય સુરક્ષાને લગતી સલાહ:** https://www.gov.uk/government/organisations/national-counter-terrorism-security-office
- **જે તે ક્ષેત્રને નિશ્ચિતપણે લાગુ પડતી ભીડવાળાં સ્થાનોને લગતી માર્ગદર્શિકા** https://assets.publishing.service.gov.uk/government/uploads/system/uploads/attachment_data/file/820082/170614_crowded-places-guidance_v1b.pdf
- **એક્શન કાઉન્ટર ટેરરીઝમ ઈ-લર્નિંગ:** https://ct.highfieldelearning.com/
- **Action Counters Terrorism મોબાઈલ ઍપ** - અહીંથી મળી શકે છે Urim ઍપ Google Play અથવા App Store પરથી ડાઉનલોડ કરો. તે પછી ct@highfieldelearning.com પર ઈમેઈલ કરીને યુઝરનેમ અને પાસવર્ડ મેળવવા વિનંતી કરો. કૃપા કરીને નોંધ લેશો કે આ માત્ર ધંધા/વ્યવસાયિક ઉપયોગ માટે જ ઉપલબ્ધ છે.

## સૂચિ B: ધાર્મિક સ્થળે મંજૂરીઓ મેળવવા અને સંપર્કની વિગતો એકઠી કરવા માટેનું નમૂનારૂપ ફોર્મ:

### નમૂનો: ધાર્મિક સ્થળો માટે અને સંવેદનશીલ માહિતીનો વહીવટ કરનારાં માટે મંજૂરીનું ફોર્મ

NHSના ટેસ્ટ એન્ડ ટ્રેસ કાર્યક્રમને ટેકો આપવા માટે, અમે તમામ મુલાકાતીઓના સંપર્કની વિગતો (નામ અને ટેલીફોન નંબર) લઈ રહ્યાં છીએ, સાથે તેઓ [ધાર્મિક સ્થળનું નામ]માં ક્યારે આવ્યાં અને ક્યારે ગયાં તે સમયની નોંધ કરી રહ્યાં છીએ.

ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ એન્ટ સોશિયલ કેર દ્વારા બહાર પાડવામાં આવેલી માર્ગદર્શિકા અનુસાર, અમે તમારી વિગતો GDPR કાયદા અનુસાર 21 દિવસ સુધી સુરક્ષિત રાખીશું અને તે પછી સલામતીથી તેનો નિકાલ કરી દઈશું અથવા ભૂંસી નાંખીશું. કોરોનાવાઈરસનો ફેલાવો અટકાવવામાં મદદ માટે જરૂરી હશે તો તેવા સંજોગોમાં, જો માગવામાં આવશે તો, માત્ર NHS ટેસ્ટ એન્ડ ટ્રેસ સાથે જ અમે તમારી વિગતોની આપ-લે કરીશું. અમે બીજા કોઈ હેતુસર તમારી વિગતો વાપરીશું નહિ કે તેને બીજાં કોઈને આપીશું નહિ.

તમારી સમજણ બદલ તમારો આભાર.

જો તમે આ કારણસર તમારી વિગતો આપવા મંજૂર થતાં હો, તો કૃપા કરીને નીચેનું ફોર્મ ભરોઃ

| | |
|---|---|
| નામ | |
| ફોન નંબર | |
| સહી | |
| તારીખ | |